
વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા - ૨૦

# નિત્ય નિયમાવલિ



-: પ્રસિદ્ધ કર્તા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

# ॥ शिक्षापत्री ॥

## तथा
## नित्य नियमावलि

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૦

# ॥ शिक्षापत्री ॥

## તથા

# નિત્ય નિયમાવલિ

**વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ**
**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**


**: પ્રસિદ્ધ કર્તા :**

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
મુખ્ય કોઠારીશ્રી ડૉ. શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી
(Ph.D., D.Litt.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

# શિક્ષાપત્રી તથા નિત્ય નિયમાવલિ

**પ્રકાશક :**
મુખ્ય કોઠારીશ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ
મુ.પો. વડતાલ, તા. નડીયાદ, જી. ખેડા.
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬.
**E-mail :** vadtaldhamvikas@gmail.com
**Web :** www.vadtalmandir.org

| | |
|---|---|
| **પ્રકાશન તિથિ** | : વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૮૧ તા. ૭ થી ૧૫ નવેમ્બર-૨૦૨૪ |
| **આવૃત્તિ** | : દસમી (૧૦) (કુલ પ્રત ૬૩,૦૦૦) |
| **પ્રત** | : ૩,૦૦૦ |
| **કિંમત** | : ₹ ૩૫/- |
| **સેવામૂલ્ય** | : ₹ ૨૦/- |
| **ISBN** | : 978-81-939354-6-0 |
| **પ્રાપ્તિસ્થાન** | : શ્રી હરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ. ફોન નં. +૯૧ ૭૨૦૩૦૯૨૬૨૦ |

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન નં. (૦૭૯) ૪૦૦૮૬૬૮૬ (મો.) ૯૮૭૯૬૦૬૬૮૬
**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org

## :: પ્રકાશકીયમ્ ::

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।
नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥
(शिक्षापत्री-६३)

''સર્વજીવહિતાવહ'' ના દિવ્ય સંદેશ પ્રવર્તક સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વાશ્રિતોને મંદિરમાં જઈ સ્વઈષ્ટદેવના કીર્તન-આરાધના તથા નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીનું પઠન-શ્રવણ-પૂજન કરવું, એવી શ્રેયસ્કરી આજ્ઞા કરી છે. અમૃત ફળને દેનારી આ આજ્ઞાઓનું ભગવાન શ્રીહરિના આશ્રિત સત્સંગીઓ સહજતાથી સરળતાથી નિત્ય પાલન કરી શકે એવા શુભ હેતુને લક્ષમાં રાખી **''શિક્ષાપત્રી એવમ્ નિત્યનિયમાવલિ''**નું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આજે આપણે આધુનિક જીવનશૈલીના પ્રભાવમાં આહ્નિક નિયમોથી દૂર જઈ રહ્યા છીએ ત્યારે શિક્ષાપત્રી અને આદર્શ સત્સંગીના **''નિત્યનિયમ''**માં ઉપયોગી થાય; એવી એક પુસ્તિકાની જરૂરિયાત જણાતા આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

એક આદર્શ સત્સંગી બ્રાહ્મમુહૂર્તથી આરંભીને રાત્રે સૂતા સુધીમાં જે જે ક્રિયાઓ કરે છે તેમાં શિક્ષાપત્રી આચારસંહિતા બનીને માર્ગદર્શન આપે છે. સાથે સાથે અનાદિ મૂળઅક્ષરમૂર્તિ,

મહાયોગીરાજ અગ્રગણ્ય સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ આરતી, સ્તુતિ, સ્વભાવિક ચેષ્ટા વિગેરે નિત્યનિયમ પણ અહીં સંકલિત કરવામાં આવ્યા છે.

આ પુસ્તિકાની સર્વાંગ પૂર્ણતા જોઈને વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનના **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**એ આજ્ઞા સહ આશીર્વાદ આપ્યા છે. આ કાર્યમાં વડતાલ મંદિરના **ચેરમેનશ્રી પ.પૂ.સદ્. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી** તથા **મુખ્યકોઠારીશ્રી શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામીનું** માર્ગદર્શન મળ્યુ છે. આજે જ્યારે સમગ્ર સત્સંગમાં **''શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ સં.૨૦૮૧''**ના નગારા વાગી રહ્યા છે ત્યારે એ મહામહોત્સવનાં ઉપલક્ષમાં **''વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા પુષ્પ-૨૦''** તરીકે આ **''શિક્ષાપત્રી તથા નિત્ય નિયમાવલિ''**ની **'દસમી'** આવૃત્તિ આપ સહુ સમક્ષ મુકતા આનંદ એવં ગૌરવની અનુભૂતિ થાય છે.

આ ગ્રંથ દ્વારા સહુ ભક્તિ માર્ગે પ્રગતિ કરે એવી વૃત્તાલય વિહારીના ચરણોમાં પ્રાર્થના.

**ભવદીય સત્સંગ સેવક**
**સાધુ શ્યામવલ્લભદાસ**
**સાધુ અમૃતવલ્લભદાસ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | શિક્ષાપત્રી | ૧ થી ૭૨ |


## નિત્ય નિયમ


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૨. | સંત સમાગમ કીજે હો–ગોડી | ૭૩ |
| ૩. | સંત પરમ હિતકારી | ૭૪ |
| ૪. | જય સદ્ગુરુ–આરતી | ૭૫ |
| ૫. | રામ કૃષ્ણ ગોવિંદ–ધૂન | ૭૬ |
| ૬. | શ્રીરાધિકાકષ્ટક–નવીનજીમૂત સમા | ૭૭ |
| ૭. | નિર્વિકલ્પ ઉત્તમ અતિ–પ્રાર્થના | ૭૯ |
| ૮. | જય ધ્વની | ૮૧ |
| ૯. | સ્તુતિ – વિશ્વેશ છો સક્લ | ૮૨ |
| ૧૦. | પ્રાતઃપ્રાર્થના–મહા બળવંત માયા | ૮૪ |
| ૧૧. | મારા વાલાજી શું વાલપ દીસે | ૮૬ |
| ૧૨. | મારા હરજી શું હેત ન દીસે | ૮૭ |
| ૧૩. | શ્રીગણપતિજીની આરતી | ૮૮ |
| ૧૪. | શ્રીગણપતિસ્ત્રોત્રમ્ | ૮૯ |

## અનુક્રમણિકા


૧૫. શ્રીહનુમાજીની આરતી .......................... ૯૧

૧૬. શ્રી હનુમત્સ્ત્રોત્રમ ............................... ૯૨

૧૭. શ્રી વાસુદેવ વિમલામૃત–અષ્ટક .................. ૯૪

૧૮. ભવસંભવભીતિભેદનં–અષ્ટક .................... ૯૭

૧૯ સર્વે સખી જીવન જોવાને ........................ ૯૯

૨૦. આજ મારે ઓરડે રે–ઓરડાના પદ ........... ૧૦૦

૨૧. પ્રથમ શ્રી હરિને રે–સ્વાભાવિક ચેષ્ટા ........... ૧૦૪

૨૨. ઓરા આવો શ્યામ સ્નેહી ...................... ૧૧૮

૨૩. હવે મારા વા'લાને નહિ રે ..................... ૧૧૯

૨૪. હવે મારા વા'લાના દર્શન ...................... ૧૨૦

૨૫. વંદુ સહજાનંદ રસરુપ ......................... ૧૨૧

૨૬. રે શ્યામ તમે સાચુ નાણું ....................... ૧૨૬

૨૭. અક્ષરના વાસી વહાલો ......................... ૧૨૭

૨૮. પોઢો પોઢો સહજાનંદ સ્વામી .................... ૧૨૮

૨૯. પોઢે પ્રભુ સકળ મુનિ કે ........................ ૧૨૯

## અનુક્રમણિકા

### થાળના પદો


૩૦. જમો થાળ જીવન જાઉં ........................ ૧૩૦

૩૧. તમે જમો જમો ને મારા ........................ ૧૩૧

૩૨. નાના ગ્રાસ લેવત મન ગમતાં .................. ૧૩૨

૩૩. લેતા જાઓ રે સાવરિયા ........................ ૧૩૩

૩૪. રૂડી રાંધી મે રસિયાજી ........................ ૧૩૪


### એકાદશીના પદો


૩૫. કોડે કોડે એકાદશી કીજીએ રે ................. ૧૩૫

૩૬. ઉત્સવની પ્યારી કેશવની ....................... ૧૩૬


### કીર્તનો


૧. વાલા રમઝમ કરતા કાન ...................... ૧૩૭

૨. સ્નેહ ભર્યા નયને નિહાળતા હો ................ ૧૩૮

૩. હરિ હૈયાના હાર છો .......................... ૧૩૯

૪. મારે ઘેર આવ્યા રે, ........................... ૧૪૦

૫. અંતકાળે આવી રે સંભાળી ..................... ૧૪૧

૬. સદ્‌ગુરુ સાચા રે .............................. ૧૪૨

## અનુક્રમણિકા


૭. સુખદાયક રે સ્વામી સહજાનંદ ................. ૧૪૩

૮. પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે ................ ૧૪૪

૯. રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર .................. ૧૪૫

૧૦. મારા પૂણ્ય ઉદય થયા ......................... ૧૪૬

૧૧. હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે; ........... ૧૪૭

૧૨. માણકીએ ચડયા રે ............................ ૧૪૮

૧૩. ધર્મકુંવર હરિકૃષ્ણની રે ....................... ૧૪૯

૧૪. તમારી મૂરતિ વિના મારા નાથ રે, ............. ૧૫૦

૧૫. નેણામાં રાખું રે (૨) નાથજીને, ................ ૧૫૧

૧૬. આવાને આવા રે (૨) રહેજો મારી, ............ ૧૫૨

૧૭. મારે સ્વામિનારાયણ ભજવા રે ................. ૧૫૩

૧૮. પધારોને સહજાનંદજી હો ....................... ૧૫૪

૧૯. સખી આજ મોહન દીઠારે ...................... ૧૫૫

૨૦. મંદિર પધાર્યા સ્વામી રે ........................ ૧૫૬

૨૧. તારે ચટક રંગીલો છેડલો ...................... ૧૫૭

## અનુક્રમણિકા


૨૨. સોનાના બોર ઝુલે નંદકિશોર .................. ૧૫૮

૨૩. ધર્મકુમાર મારા હૈડાના હાર ................... ૧૫૯

૨૪. આજ મુંને સામે મળ્યો છે અલબેલો ............ ૧૬૦

૨૫. આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા ........... ૧૬૧

૨૬. મારે આજ પ્રીતમ ઘેર આવશે ................. ૧૬૨

૨૭. રે સગપણ હરિવરનું સાચું ...................... ૧૬૩

૨૮. વાલા લાગો છો વિશ્વ આધાર રે ................ ૧૬૪

૨૯. હરિજન સાચા રે ............................... ૧૬૫

૩૦. નમન હું કરૂ વિશ્વપાળને ........................ ૧૬૬

૩૧. મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી ............ ૧૬૭

૩૨. અવસર આવ્યો રે .............................. ૧૬૮

૩૩. ભવસાગરનો પાર ન આવે ...................... ૧૬૯

૩૪. કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે ................. ૧૭૦

૩૫. સહજાનંદ સુખકારી ............................. ૧૭૧

૩૬. તારા મુખની લાવણતા મીઠી રે ................. ૧૭૨

# અનુક્રમણિકા

## પ્રકીર્ણ

૧. જનમંગલ નામાવલી ........................... ૧૭૩

૨. જન મંગલ સ્ત્રોત્રમ્ ........................... ૧૮૦

૩. શ્રીનારાયણ કવચ ........................... ૧૮૪

૪. શ્રી અર્ચાવતાર સ્તોત્ર ........................... ૧૯૨

૫. શ્રી ગોપાળાનંદ સ્વામીનું પરચા પ્રકરણ ......... ૧૯૮

૬. શ્રીહનુમાન ચાલીસા ........................... ૨૦૫

૭. વિવિધ મંત્રો ........................... ૨૧૧

૮. પ્રાતઃપૂજા વિધિ ........................... ૨૧૪

૯. માનસી પૂજન વિધિ ........................... ૨૨૦



# ॥ શિક્ષાપત્રી ॥

(શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લખતા થકા પ્રથમ પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે.)

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે ? તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષ:સ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના

પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યાં એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ ॥૫॥

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું, અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

અને શ્રીમદ્‌ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોક ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો

કુબુદ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

## : સર્વે સત્સંગીઓના સામાન્ય ધર્મ :

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે, અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણી માત્રની પણ હિંસા ન કરવી. અને જાણીને તો ઝીણાં એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા, માછલા આદિક કોઈ

જીવની હિંસા ન કરવી. કેમ જે 'અહિંસા છે તે જ મોટો ધર્મ છે.' એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ||૧૨||

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ||૧૩||

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો, અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ||૧૪||

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું, અને ત્રણ

પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું . ॥૧૫॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શાસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥૧૬॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે

વ્યસન તેનો ત્યાગ કરવો. અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહિ અને પીવાં પણ નહિ ॥૧૮॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદિ–ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું, અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો, અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું ॥૨૨॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો, અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખથકી ભગવાનની કથા–વાર્તા ન સાંભળવી. ॥૨૫॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો, અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

અને ચૌર, પાપી, વ્યસની, પાખંડી કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો; એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું, અને જે જળને વિષે ઝીણાં જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

અને જે ઔષધ; દારૂ તથા માંસ તેણે યુક્ત હોય, તે ઔષધ ક્યારેય ન ખાવું. અને વળી જે

વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળ-મૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફુલવાડી-બગીચા એ આદિક જે સ્થાનક; તેમને વિષે મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

અને ચોર માર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ. અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પુછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખ થકી જ્ઞાનવાર્તા ન સાંભળવી,

અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

અને વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું, અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું, અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી, અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણનાં દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું.

અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥૩૭॥

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડુ વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી, અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો, તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો, અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણ ભગવાનની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય; એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્ય ધારવી, અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો, અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સત્શૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં. ॥૪૪॥

અને તે સત્શૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ટની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી, અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥૪૫॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી, એ બે વાનાં પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા

હોય, તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

અને નારાયણ અને શિવજી એ બેયનું એકાત્મપણું જ જાણવું. કેમ જે, વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

અને અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગવું, અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન

કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન; તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥૫૧॥

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું, અને સુવાસિની જે સ્ત્રીઓ; તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

અને તે વિધવા સ્ત્રીઓએ પોતાના ભાલને વિષે તિલક ન કરવું, ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી; તેમણે

મને કરીને કલ્પ્યા જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ॥૫૩॥

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી. ॥૫૫॥

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલિગ્રામ; તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી. અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ।।૫૬।।

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ-કીર્તન કરવું. ।।૫૭।।

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું, અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વ કાળને

વિષે પ્રીતિયે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન; તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે, તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

અને એ જે આત્મનિવેદી ભક્ત તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે

કરીને અસમર્થપણું થઈ ગયે સતે; પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥૬૧॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય; તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ॥૬૨॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના નામનું ઉચ્ચસ્વરે કરીને કીર્તન કરવું. ॥૬૩॥

અને તે શ્રીકૃષ્ણની જે કથા-વાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી, અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. ॥૬૪॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું. અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ॥૬૫॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય, તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥૬૮॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી; એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું

તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥૭૦॥

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ॥૭૧॥

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું, અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ; તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું. કેમ જે, ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો

આપનારો છે. માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ॥૭૩॥

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું, અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી જ રીતે જ સન્માન કરવું, પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥૭૬॥

અને તે વિશેષ નિયમ તે કિયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા કથા વાંચવી, તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, તથા ભગવાનના મંત્રનો જપ કરવો, તથા સ્તોત્રનો પાઠ કરવો, તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ॥૭૭॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

અને સર્વ જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે

આદર થકી કરવું તથા શિવરાત્રીનું વ્રત જે તે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ।।૭૯।।

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો. કેમ જે, જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ।।૮૦।।

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય; તેમના પુત્ર જે શ્રીવિઠ્ઠલનાથજી; તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ।।૮૧।।

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવાં.

અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

અને સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય; એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા. ॥૮૪॥

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો, પણ એ વિના

બીજા કોઈ શુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું, અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક

તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ; એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ; એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥૮૯॥

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શુદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો

અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં. ॥૯૧॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. ॥૯૨॥

અને ચાર વેદ, તથા વ્યાસસૂત્ર, તથા શ્રીમદ્ભાગવત નામે પુરાણ, તથા મહાભારતને વિષે તો શ્રીવિષ્ણુસહસ્રનામ. ॥૯૩॥

તથા શ્રીભગવદ્ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય ॥૯૪॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સત્શાસ્ત્ર જે તે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સત્શાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી. ॥૯૬॥

અને તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત; એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

અને વળી એ આઠ સત્શાસ્ત્રને વિષે જે શ્રીમદ્ ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ; એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય, એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥

અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન; તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય. ॥૧૦૧॥

તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

અને શ્રુતિ–સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો, અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ, તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો, અને જીવ, માયા અને ઈશ્વર; તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને

જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં; એવો જીવ છે, એમ જાણવો. ॥૧૦૫॥

અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે, ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, એના આ જીવને દેહ તથા દેહનાં જે સંબંધી તેમને વિષે અહં-મમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. ॥૧૦૬॥

અને જે ઈશ્વર છે તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

અને તે ઈશ્વર તે કયા ? તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વે અવતારના કારણ છે. ।।૧૦૮।।

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ; તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે ''રાધાકૃષ્ણ'' એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે ''લક્ષ્મીનારાયણ'' એવે નામે જાણવા. ।।૧૦૯।।

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય, ત્યારે ''નરનારાયણ'' એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. ।।૧૧૦।।

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે, અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા. ॥૧૧૧॥

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન, તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે

કરવી, અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. ॥૧૧૩॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ; તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું ? તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો, અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર; તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે, તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે, માટે એમનું ધ્યાન કરવું. અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ; તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ

ધ્યાન કરવા યોગ્ય નથી, માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

અને સ્થૂળ, સૂક્ષ્મ અને  કારણ એ જે ત્રણ દેહ; તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો, અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો અને પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું–

કરાવવું, અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સત્શાસ્ત્ર; તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું, તે પુરશ્ચરણ કેવું છે ? તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણવાનાં તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં. ॥૧૨૦॥

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે, એમ જાણવું  અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું, અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥૧૨૧॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા, તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ, ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે, કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે. અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

## : આચાર્યના વિશેષ ધર્મ :

(હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.)

અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ, અને તે સાથે બોલવું નહિ, અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું, અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

અને વ્યવહારકાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું, અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો, પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

અને પોતાના જે શિષ્ય તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ, અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું, અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી, તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. ॥૧૨૭॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા, તથા સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં એવાં જે શ્રીલક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદર થકી સંભાવના કરવી. ॥૧૩૧॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે

સદ્વિદ્યાની પ્રવૃતિ કરાવવી. કેમ જે, વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

## : આચાર્ય પત્નીના વિશેષ ધર્મ :

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

અને વળી તે બે જણની જે પત્નીઓ તેમણે પોતાના સમીપ સબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ, ને એમને પોતાનું મુખ પણ ન દેખાડવું. (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ॥૧૩૪॥

## ગૃહસ્થના વિશેષ ધર્મ

(હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ.) અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દિકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું, અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ, હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ॥૧૩૭॥

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે પોતાને ઘેર આવ્યો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો, અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. ।।૧૪૧।।

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ।।૧૪૨।।

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણ-દેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ।।૧૪૩।।

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ।।૧૪૪।।

અને પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો, અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે, તેને મોટું દુ:ખ થાય છે, એમ સર્વ ગૃહસ્થોએ મનમાં જાણવું . ।।૧૪૫।।

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ।।૧૪૬।।

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે

ધનધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું, તે ઉદ્યાપન કેવું છે ? તો મનવાંછિત ફળનું આપનારું છે. ॥૧૪૮॥

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. ॥૧૪૯॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું, અને વળી તે પોતાના આચાર્ય થકી અને

શ્રીકૃષ્ણનાં મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. ॥૧૫૦॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયે સતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ, તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ. કેમ જે, તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું. ॥૧૫૧॥

અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર; તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય

અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી, તથા પોતાનો વંશ તથા કન્યાદાન એ પણ છાનું ન રાખવું, અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. ||૧૫૨||

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ||૧૫૩||

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય, તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ||૧૫૪||

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા, તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ॥૧૫૬॥

## : રાજાના વિશેષ ધર્મ :

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું, અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જે તે લક્ષણે કરીને યથાર્થપણે જાણવા, અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ||૧૫૮||

## : સધવા સ્ત્રીના વિશેષ ધર્મ :

(હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ.) અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરીદ્રી હોય, નપુંસક હોય, તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો, અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ||૧૫૯||

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. ॥૧૬૦॥

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભી, સાથળ, અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું, અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું, અને ભાંડ ભવાઇ જોવા ન જવું, અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, ને રૂડાં વસ્ત્ર ન પહેરવાં, અને પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

## : વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ :

(હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ.) અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા, અને પોતાના પિતા-પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ॥૧૬૪॥

અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી, અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને

વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય, તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી, અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું. ॥૧૬૭॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો, અને પૃથ્વીને વિષે સૂવું, અને મૈથુનાસક્ત એવાં જે પશુ પક્ષી આદિક જીવ

પ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ. ॥૧૬૮॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસિની તથા વૈરાગિની તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો, અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા તે ક્યારેય ન કરવી, અને ન સાંભળવી. ॥૧૭૦॥

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના

સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

અને હોળીની રમત ન કરવી, અને આભૂષણાદિકનું ધારણ ન કરવું, અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના ન્હાવું નહિ, અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ, અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી

એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા. કેમ કે, એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

## : બ્રહ્મચારીના વિશેષ ધર્મ :

(હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.) અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો, અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી, અને ન સાંભળવી, અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો, અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક પ્રાણીમાત્ર તેમને જાણીને જોવાં નહિ. ॥૧૭૮॥

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ, અને તેની સામું જોવું નહિ, અને તે સાથે બોલવું નહિ, અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં. ॥૧૭૯॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રત્તનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું, અને સદાકાળ ધીરજવાન રહેવું, અને સંતોષે યુક્ત રહેવું, અને માને રહિત રહેવું. ॥૧૮૦॥

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી; તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરંત વારવી પણ સમીપે આવવા દેવી નહિ. ॥૧૮૧॥

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી, અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો, અને રસના ઈન્દ્રિયને જીતવી. ॥૧૮૩॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ, ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥૧૮૪॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો, ને ગુરુની સેવા કરવી, ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો. ॥૧૮૫॥

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારી ન પીવું, ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય, તેણે કોઈ પ્રકારે ન ખાવી. ॥૧૮૬॥

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

## : સાધુના વિશેષ ધર્મ :

(હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.) અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો, તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગનો ત્યાગ કરવો, અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવાં. ॥૧૮૮॥

અને સર્વે જે ઈન્દ્રિયો તે જીતવી, અને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી, અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

અને કોઈની થાપણ ન રાખવી, અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો, અને પોતાના ઉતારાની જાયગા બંધીની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. ॥૧૯૦॥

અને તે સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ, તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ॥૧૯૧॥

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર–વિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું ઓઢવું નહિ. ॥૧૯૨॥

અને ભિક્ષા તથા સભા પ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થકાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. ॥૧૯૪॥

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું, અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી, ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ॥૧૯૫॥

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હવા, તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ॥૧૯૬॥

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબૂલ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાનાદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ, તથા એકાદશાહ પર્યંત જે પ્રેત શ્રાદ્ધ તેમને વિષે

જમવું નહિ, તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥૧૯૮॥

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ, અને ગ્રામ્ય વાર્તા કરવી નહિ, ને જાણીને સાંભળવી નહિ. ॥૧૯૯॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. ॥૨૦૦॥

અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભુંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

અને કોઈનું દૂતપણું ન કરવું, તથા ચાડિયાપણું ન કરવું, ને કોઈના ચાર ચક્ષુ ન થવું, અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ॥૨૦૨॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ–ભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે. અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ॥૨૦૩॥

અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે, તે કેવી છે ? તો સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે. ॥૨૦૪॥

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. ॥૨૦૫॥

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

અને જે બાઈ ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે. એમ અમારા સંપ્રદાયવાળાં સ્ત્રી પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો, અને જેને

ભણતા આવડતું ન હોય તેને તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. ॥૨૦૮॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી, અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવી સંપદાએ કરીને યુક્ત જે જન હોય તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

સંવત ૧૮૮૨ (અઢારસો બ્યાસી)ના મહા સુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્રપીડા તેના નાશ કરનારા એવા અને ધર્મ સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન  તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥

॥ ઈતિ શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય
નિત્યાનંદ મુનિ લિખિતા
શિક્ષાપત્રી ટીકા સમાપ્તા ॥



# નિત્ય નિયમ

## ગોડી પદ-૧ રાગ : પૂરવ

સંતસમાગમ કીજે હો નિશદિન...સંત-ટેક૦
માન તજી સંતનકે મુખસે,
પ્રેમ સુધારસ પીજે...હો નિશ૦ ૧

અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે...હો નિશ૦ ૨

ભવ દુ:ખ ટળે બળે સબ દુષ્કીત,
સબવિધિ કારજ સીજે...હો નિશ૦ ૩

બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
જન્મ સુફલ કરી લીજે...હો નિશ૦ ૪

## પદ-૨

સંત પરમ હિતકારી જગતમાંહિ.... સંત - ટેક૦

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,

ભરમ મિટાવત ભારી... જગત૦ ૧

પરમકૃપાળુ સકળ જીવન પર,

હરિ સમ સબ દુ:ખહારી... જગત૦ ૨

ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી,

રીત જગતસે ન્યારી... જગત૦ ૩

બ્રહ્માનંદ કહે સંતકી સોબત,

મિલત હે પ્રગટ મુરારી... જગત૦ ૪

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી..જય૦ ૧

ચરણસરોજ તમારા, વંદુ કરજોડી (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યા તોડી..જય૦૨

નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી..જય૦૩

નિત્ય નિત્ય નૌતમ લીલા,કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી..જય૦ ૪

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે.. જય૦ ૫

આ અવસર કરુણાનિધિ,કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધી.. જય૦ ૬

## ધુન

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ જય જય ગોવિંદ ! ॥૧॥

નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ॥૨॥

કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ॥૩॥

વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ॥૪॥

વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ ॥૫॥

રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ !
આનંદકંદ જય માધવ મુકુંદ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૦૧

નિધાયપાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૦૨

વિશુદ્ધહેમોજ્જવલ પિતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૦૩

અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૪

ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિન્હચેલં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ..૦૫

વૃંદાવને પ્રીततયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ..૦૬

વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્;
સદૈવસત્પુરુષસૌખ્યકારં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ..૦૭

આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં,
શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ..૦૮

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ ॥૧॥

મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર ॥૨॥

તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥

નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરી, સદા રાખિયે પાસ ॥૪॥

હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥

સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥

સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનીયો સબ ચિત્ત પ્રોય ॥૭॥

હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ ॥૮॥

વિધવાકુ સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥

નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ॥૧૦॥

એહી ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥

રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિ:શંક જગજીત ॥૧૨॥

## "જય ધ્વની"

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય

શ્રી ધર્મભક્તિ વાસુદેવની જય

શ્રી હરિકૃષ્ણ મહારાજની જય

શ્રી રણછોડરાયની જય

શ્રી વૃંદાવન વિહારીલાલની જય

શ્રી ગોપીનાથજી મહારાજની જય

શ્રી ઘનશ્યામ મહારાજની જય

શ્રી નરનારાયણ દેવની જય

શ્રી વિઘ્નવિનાયક દેવની જય

શ્રી કષ્ટભંજન દેવની જય

શ્રી પાંચસો પરમહંસની જય

## સ્તુતિ

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા
દાતા તમે સકલ મંગલ શાંતિદાતા,
માટે તમારૂં કરુણાનીધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હુ પ્રણામ૦૧

અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો.
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ૦૨

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥૩॥

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા,
બુદ્ધ્યાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ,
નારાયણાયેતિ સમર્પયામિ ॥૪॥

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા,
સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,
તનોતુ કૃષ્ણોખિલમંગલં નઃ ॥૫॥

જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો, લૈ તીર્થ માંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા.

મોટા ધામ રચ્યા રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી, સંક્ષેપમાં ઉચ્ચરી .

## પ્રાતઃ પ્રાર્થના

"મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી ।
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥

વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન ।
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ॥

સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ।
દેશકાળને ક્રિયાયે કરી, કેદિ તમને ન ભુલીયે હરિ ॥

કામ ક્રોધને લોભ કુમતી, મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતા આડું જે પડે, માંગીયે એ અમને ન નડે ॥

એટલું માંગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માંગીયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥

કેદિ દેશોમાં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કેદિ કુસંગનો સંગમાં દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥

કેદિ દેશોમાં સંસારી સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ ।
કેદિ દેશોમાં જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥

દેશોમાં દેહસુખ સંયોગ, દેશોમાં હરિજનનો વિયોગ ।
દેશોમાં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ ॥

દેશોમાં સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માંગતા અમે, દેશોમાં દયા કરિને તમે ॥

માતૃદેવો ભવ ।
પિતૃદેવો ભવ ।
આચાર્ય દેવો ભવ ।
અતિથિ દેવો ભવ ।

## રાગ : મલાર – પદ–૧

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ.... ટેક૦
સન્મુખ જાતા શંકા ન કીજે, મર ભાલા તણા મે વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે,
કાચી તે કાયા પડશે રે..તેનો૦ ૧
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે,
તેનું સુખદુઃખ સર્વે સહીએ રે..તેનો૦ ૨
અમૃતપે અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા,
જેનાં દર્શન કરવાને આવે રે..તેનો૦ ૩
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માંગે,
વ્હાલા વાસ દેજો હરિજનમાં રે..તેનો૦ ૪

## પદ-૨

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે..ટેક૦
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખે શું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે,
જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે..તેને૦ ૧
ભક્તિ ભાવનો ભેદ ન જાણે, ભૂરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે,
પછી ઉલેચી અંધારૂં ટાળે રે..તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ઉડું તે ઉડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને,
પછી તટમાં જઈને કૂપ ખોદે રે..તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા,
ઓલ્યા મતિયાં કહે છે માયા રે..તેને૦ ૪

## શ્રી ગણપતિજીની આરતી

જય મંગલકારી જય મંગલકારી;
આરતી પ્રેમે ઉતારૂં (૨) ગણપતિ ભયહારી
...જય૦ ૧ ટેક

વંદિત ચરણ સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા, (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા
...જય૦ ૧

ગૌરવરણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨) જય જય સુખસદના
...જય૦ ૨

એકદંત અઘમોચન ઉંદર અસવારી (૨)
લંબોદર ગણનાયક (૨) વરદાયક ભારી
...જય૦ ૩

સુંદર ઉરગ વિભૂષણ, ભૂષિત સુખરાશી, (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી
...જય૦૪

## શ્રીગણપતિસ્તોત્રમ્ । (વસંતતિલકાવૃતમ્)

વિઘ્નેશ! વિઘ્નચયખંડનનામધેય !
શ્રીશંકરાત્મજ! સુરાધિપવન્દ્યપાદ !
દુર્ગામહાવ્રતફલાખિલમઙ્ગલાત્મન્ !
વિઘ્નં મમાપહર સિદ્ધિ વિનાયક ! ત્વમ્ ॥૧॥

સત્પદ્મરાગમણિવર્ણશરીરકાન્તિઃ
શ્રીસિદ્ધિ બુદ્ધિપરિચર્ચિત કુઙ્કુમશ્રીઃ ।
દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞશુણ્ડો વિઘ્નં૦ ॥૨॥

પાશાંકુશાબ્જપરશૂંશ્ચદધચ્ચતુર્ભિ
દોર્ભિશ્ચ શોણકુસુમસ્ત્રગુમાઙ્ગજાતઃ ।
સિન્દૂરશોભિતલલાટવિધુપ્રકાશો વિઘ્નં૦ ॥૩॥

કાર્યેષુ વિઘ્નચયભીતવિરંચિમુખ્યૈઃ
સમ્પૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ ।
સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુપૂજ્યો વિઘ્નં૦ ॥૪॥

શીઘ્રાચનસ્ખલનચંચુરવોદ્દર્વકંઠ
સ્થૂલોન્દુરુદ્રગણહાસિત દેવસંઘ ।
શૂર્પશ્રુતિશ્ચ પૃથવર્તુલતુઙ્ગતુન્દો વિઘ્નં૦ ॥૫॥

યજ્ઞોપવીતપદલમ્ભિતનાગરાજ
માસાદિપુણ્યદદશીકૃત ઋક્ષારાજ ।
ભક્તાભયપ્રદ ! દયાલય ! વિઘ્નરાજો વિઘ્નં૦ ॥૬॥
સદ્રત્નસારતતિરાજિતસત્કિરીટ:

કૌસુમ્ભચારુવસનદ્વય ઉર્જિતશ્રી ।
સર્વત્ર મઙ્ગલકરસ્મરણ પ્રતાપો વિઘ્નં૦ ॥૭॥

દેવાન્તકાદ્યસુરભીતિસુરાર્તિહર્તા
વિજ્ઞાનબોધનવરેણ્ય તમોપહર્તા ।
આનન્દિતત્રિભુવનેશ ! કુમારબન્ધો!વિઘ્નં૦ ॥૮॥

**ઇતિ શ્રી શતાનન્દમુનિવિરચિતં**
**શ્રીગણપતિસ્તોત્રમ્ સમાપ્તમ્**

## શ્રી હનુમાનજીની આરતી

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા,
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા.. જય૦ ૧

પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી .. જય૦ ૨

ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે .. જય૦ ૩

રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી;
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી .. જય૦ ૪

રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા .. જય૦ ૫

## શ્રી હનુમાનસ્તોત્રમ્

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે !
રાજાધિરાજરઘુનાયક મન્ત્રિવર્ય !
સિન્દુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર !
શ્રીરામદૂત ! હ્નુમન્ ! હર સંકટં મે ॥૧॥

સીતાનિમિત્તાજરઘૂત્તામભૂરિકષ્ટ!
પ્રોત્સારણૈકકસહાય હતાસ્ત્રપૌઘ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને !
શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૨॥

દુર્વાર્યરાવણ વિસર્જિત શક્તિઘાત !
કંઠાસુલક્ષ્મણ સુખાહૃતજીવવલ્લે !
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૩॥

રામાગમોક્તિતરિતારિતબંધ્વયોગ
દુ:ખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાંઘ્રિપદ્મમધુપીભવદન્તરાત્મન્ !
શ્રી રામદૂત! હનુમન્! હર સંકટં મે ॥૪॥

વાતાત્મકેસરિમહાકપિરાટ્તદીય
ભાર્યાજંનીપુરુતપઃફલપુત્રભાવ!
તાક્ષ્યોંપમોચિતવપુર્બલતીવ્રવેગ!
શ્રીરામદૂત!હનુમન્! હર સંકટં મે ॥૫॥

નાનાભિચારિકવિસૃષ્ટસવીર કૃત્યા
વિદ્રાવણારુણ સમીક્ષણદુઃપ્રઘર્ષ્ય!
રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ!
શ્રીરામદૂત! હનુમન્! હર સંકટં મે ॥૬॥

યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ
યે બહ્મરાક્ષસપિશાચગણાશ્ચભૂતા!
તે મારિકાશ્ચસભયં હ્યપયાન્તિ સ ત્વં!
શ્રી રામદૂત! હનુમન્! હર સંકટં મે ॥૭॥

ત્વં ભક્તમાનસસમીપ્સિતપૂર્તિશક્તો
દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજઃ!
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ!
શ્રીરામદૂત!હનુમન્! હર સંકટં મે ॥૮॥

## અષ્ટક

### રાગ : વસંતતિલકાવૃતમ્

શ્રી વાસુદેવ વિમલામૃત ધામવાસમ્
નારાયણં નરકતારણ નામધેયમ્
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧॥

શિક્ષાર્થમત્ર નિજભકિતમતાં નરાણા–
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાંગ યોગકલાનાશ્ચ મહાવ્રતાનિ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૨॥

શ્વાસેન સાકમનુલોમ વિલોમવૃત્ત્યા
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્યા
પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૩॥

બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ-
વૃત્યુદ્ ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્ ।
સ્થિત્વાતતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૪॥

માયામયાકૃતિતમોડશુભવાસનાનાં,
કર્તું નિષેધમુરૂધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજસાંખ્યમતયોગસુયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૫॥

દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં,
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌરમાયા ।
સાલંબસાંખ્યપથયોગ સુયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૬॥

કામાર્તતસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ
સસ્વાર્થ સિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૭॥

સાધ્વીચકોર શલભાસ્તિમિકાલકંઠ
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નાઃ ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૮॥

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્ ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૯॥



## : અષ્ટક :

### રાગ : વિયોગિનીવૃત્તમ્

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરૂણાનિકેતનમ્;
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા. ૧

કરૂણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોદ્ધરણાય તત્પરં  સહજાનંદગુરું ભજે સદા. ૨

નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતઃ એવ દુર્ગમમ્;
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં - સહજાનંદગુરું ભજે સદા. ૩

વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;
અપિધાર્ય મનો નરપ્રભં  સહજાનંદગુરું ભજે સદા. ૪

નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરમ્;
ઈતિ યઃ કુરૂતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા. ૫

બહિરીક્ષણલોકમાનુષં,  નિજદતામ્બકદર્શિનાંહરિમ્;
ભજનીયપદં જગદ્ગુરું  સહજાનંદગુરું ભજે સદા. ૬

શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા. ૭

ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમમ્;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃસહજાનંદગુરું ભજે સદા. ૮

ભગવન્ ! કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદશમ્;
ક્ષમતે પ્રતિકર્તુંમત્ર કઃ કુરુતે દીનજનસ્તતોંડજલિમ્. ૯

## રાગ : ધોળ

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમા આવે લટકંતો લાલો રે ૦૧

એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે ૦૨

રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે ૦૩

મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ્ર રે ૦૪

શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે ૦૫

નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે ૦૬

## ઓરડા (રાગ : ગરબી) પદ-૧

આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે,નટવર સુંદર શ્રી ઘનશ્યામ,
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર. ૩
આપ્યો મેં તો આદરે રે,બેસવા ચાકળીઓ કરી પ્યાર,
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર,
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેટો જોયા લાગ,
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય,
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ. ૯

## પદ–૨

સજની સાંભળો રે, શોભા વર્ણવુ તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઉગિયા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

## પદ-૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આંગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

## પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ,
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઇ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનના કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

## (સ્વાભાવિક ચેષ્ટા)

### રાગ : ગરબી-પદ-૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે નારાયણની ગાઉં. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સૂણતા સજની રે, બીક મટાડે જમની. ૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે. ૬

રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા. ૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે. ૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા. ૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

## પદ–૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે આપે સુખસાગરની. ૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે. ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે. ૩

પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય. ૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે પ્રેમાનંદના સ્વામી. ૧૦

## પદ-૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે બેઠા ભવભયહારી. ૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે; રહસ્ય કહે કરી ખાંત. ૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી. ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭

ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે પ્રાણ ઈન્દ્રિય મનને. ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે સાદ કરે ભગવાન. ૧૦

### પદ–૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે. ૪

સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ ક્થાનો રે, સુણી મગન થઈ ડોલે. ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની. ૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ૧૦

### પદ–૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ૧

થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલીયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે બાંધે ખેસ લઈને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી. ૯

ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ. ૧૦

## પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને. ૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ. ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુ:ખહારી રે, વારી બહુનામીનો. ૬

કોઈને દુ:ખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુ:ખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે. ૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમા રૂમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

## પદ–૭

નિત્યનિત્ય નૌતમરે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩

ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં. ૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે,ઉઠે હરિ તે વારે. ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળીં;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે. ૧૦

## પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલો;
આવે જમવા રે, ચાંખડીએ ચડી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવાં;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે કર મેલે વનમાળી. ૫
જમણા પગને રે રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭

જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા. ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

## પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫

બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી. ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

## પદ–૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩

બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે. ૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને. ૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભર નિંદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ. ૮
એવી લીલા કરે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે. ૧૦

## રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉ વહાલા.૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારાં, ઉરમાં ઉતારૂં વહાલા.૨
અરુણકમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા.૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા.૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા.૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા.૬
અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ અંકુશ કેતુ પદ્મ, જમણે પગે નવ વહાલા...૭

ત્રિકોણ કળશને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્રને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વહાલા. ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત; પ્રીતિએ પ્રવીણ વહાલા.૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વહાલા. ૧૦

## રાગ : ગરબી પદ-૧

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે. ૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગન વિના નવ આવે રે. ૪

દુરિજન મન રે, માને તેમ કહેજો રે,
સ્વામી મારાં હૃદયની ભીતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે. ૬

## પદ-૨

હવે મારા વહાલાનાં દર્શન સારું રે,
હરિજન આવે હજારે હજારૂં રે. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી રે,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી રે. ૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે. ૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી રે,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી રે. ૪
તાળી પાડે ઉપડતી અતિ સારી રે,
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી રે. ૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે રે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે રે. ૬

પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ રે,
સહજાનંદ અક્ષરધામના વાસી રે. ૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે. ૮

## રાગ : ગરબી પદ-૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ,
સમરું પ્રગટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ,
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ,
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ રહો ઉરમાં રમી રે લોલ.

### પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;

મન મારૂં મોહ્યુ મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

## પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા દંત દાડમ ના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ.
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ,
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મનમારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રુડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

## પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.

વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ.

## પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

## પદ-૭

વહાલા તારૂં રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,

વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની, કે કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનુ ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

## પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.

## રાગ : ગરબી

રે શ્યામ તમે સાચુ નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ.ટેક
રે તમ વિના સુખ સંપત્ત કા'વે,
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે....રે શ્યામ. ૧
રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી....રે શ્યામ. ૨
છે અખંડ અલૌકિક સુખ સારૂ,
તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું....રે શ્યામ. ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ. ૪

## રાગ : ધોળ

અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ
...અક્ષર-ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ કલ્યાણનો આપ્યો રાજ
...અક્ષર-૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ
...અક્ષર-૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ
...અક્ષર-૩
દેવોના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ
...અક્ષર-૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ
...અક્ષર-૫

## રાગ : ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નિંદરા ભરાણી રે... પોઢો–૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે... પોઢો–૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો–૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો–૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે... પોઢો–૫

**નોંધ** : ઉનાળામાં બનાતની ટોપીની જગ્યાએ ફૂલડાની ટોપી અને શાલ દુશાલાની જગ્યાએ ફૂલની પછેડી બોલવું.

## રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨)
સંતન કે વિશ્રામ – પોઢે.....૧

અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ,
જેહી મિલત જન તરત માયા (૨)
લહત અક્ષરધામ – પોઢે..૨

શારદ શેષ મહેશ મહામુનિ જપત જેહી ગુણનામ,
જાસ પદરજ શીશ ધરી ધરી (૨)
હોવત જન નિષ્કામ – પોઢે..૩

પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરનઢિગ ગુન (૨)
ગાવત આઠો જામ – પોઢે..૪

## થાળના પદો

### ૧. રાગ : ગરબી

જમો થાળ જીવન જાઉં વારી,
ધુઓ કર ચરણ કરો ત્યારી.જમો૦ટેક
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી,કટોરા કંચનનીથાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાંઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી,લાવી છું તરત કરીતાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળુ કરો લાવી હું જળઝારી,એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને જમો...જમો૦ ૬
કસુંબલ બાંધીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો ... જમો૦ ૭

## ૨. રાગ : બિહાગ

તમે જમો જમો ને મારા ઠાકરિયા
હરિવર મારે હાથે જમાડું,
સુંદર લાડુ સાકરીયા. તમે૦
પેંડા બરફી ખાજાં જલેબી,
મરકી મેસુબને ઘેબરિયા,
શીરો પુરી કંસાર હરીસો,
બીરંજ જમો કહાના કેસરિયા. તમે૦
ભજીયાં વડાં તળ્યા છે પાપડ,
મીઠું જીરૂં નાખીને મરિયાં,
શાક પાક સુંદરવર જમજો,
રાયતણાં સુંદર દૈથરિયાં. તમે૦
આંબા મોરનો ભાત અનોપમ,
દૂધ સાકર જમો ગિરધરીયા,
વધે તે પ્રેમાનંદને આપો,
ધર્મકુંવર રંગના ભરિયા. તમે૦

## ૩. રાગ : કાફી

નાના ગ્રાસ લેવત મન ગમતાં,
નેણાં ભરી જોયા રે હરિ જમતાં – નેણાં૦

ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા,
શોભાનિધિ ઘણું ગમતા – નેણાં૦

વારે વારે જળ પાન કરત હે,
રમુજ કરીને ઘણું રમતા – નેણાં૦

એ છબી જોવા સારૂ ભવ બ્રહ્માદિક,
ભાવ સહિત કેડે ભમતા – નેણાં૦

દેવાનંદ કહે જન્મ સુફળ કરી,
નિત્ય ચરણોમાં જઇ નમતાં – નેણાં૦

## ૪. મુખવાસ થાળ

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી;
બીડી પાનનકી બીડી પાનનકી લેતા જાઓ રે,
સાવરિયા ! બીડી પાનનકી ... ટેક૦

કાથો ચુનો વારી, લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનકી ...લેતા૦૧

એક એક બીડી મોરી સાસું નણંદકી,
દુસરી બીડી મોરે લાલનકી ...લેતા૦૨

આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારૂં,
બાજી ખેલાવું સારી રેનનકી ...લેતા૦૩

પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસનકી ...લેતા૦૪

## ૫. સાંજનો થાળ રાગ : દેશ

રૂડી રાંધી મે રસિયાજી, ખાંતે ખીચડી રે – રૂડી. ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ,
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે – રૂડી.. ૧

ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા,
ચોંપે શું ચોળાની કાજુ કરી વડ રે – રૂડી.. ૨

દુધ કઢીને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી,
ભૂધરને જમવાને, કાજે, કરી કઢી રે – રૂડી.. ૩

દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી,
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે –રૂડી.. ૪

# એકાદશીના પદો

## ૧. રાગ : ગરબી

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે–કોડે૦૧

એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે–કોડે ૦૨

જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે–કોડે૦૩

એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે–કોડે૦૪

બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે–કોડે૦૫

## ૨. રાગ : ગરબી

ઉત્સવની પ્યારી કેશવની,
આજ એકાદશી ઉત્સવની;
કોટિક ગૌ કેરાં દાન કરે પણ,
ના'વે તોલે એના લવની – આજ૦

મંગળ રૂપ સદા સુખકારી,
વહાલી નિધિ જન વૈષ્ણવની– આજ૦

વચન પ્રમાણે કરે વ્રત તેને,
ત્રાસ મટે રે મૃત્યુ ભવની – આજ૦

''બ્રહ્માનંદ'' કહે વ્રત કરવું,
એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની – આજ૦

## કીર્તનો

### કીર્તન (૧) રાગ : ગરબી પદ

વાલા રમઝમ કરતા કાન, મારે ઘેર આવો રે,
મારા પુરા કરવા કોડ, હસીને બોલાવો રે૦ ૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે,
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે૦ ૨
વાલા અબળા ઉપર મહેર, કરજો મુરારી રે,
હું તો જન્મો જનમની નાથ, દાસી તમારી રે૦ ૩
મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે,
પળ રહોમા નટવર નાવ, મુજથી ન્યારા રે૦ ૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડકમ ધારો રે;
મેં તો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે૦ ૫
વાલા નયણાતણું ફળ આજ, મુજને આપો રે,
મુક્તાનંદ કહે મહારાજ, દુ:ખડા કાપો રે૦ ૬

## કીર્તન (૨) પદ

સ્નેહ ભર્યા નયને નિહાળતા હો,વંદન આનંદ ઘનશ્યામને;
અમીમય દ્રષ્ટિએ નિહાળતા હો,વંદન આનંદ ઘનશ્યામનેટેક
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા,
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા,
સંતોને આનંદ ઉપજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા નયને૦ ૧
બાળ ચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા નયને૦ ૨
વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા નયને૦ ૩
લોજપુર ધામ રહી સર્જુદાસ કા'વિયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રીઝાવિયા,
મુક્તાનંદ પ્રેમ થકી, પૂજતા હો;
વંદન આનંદ ઘનશ્યામને.. સ્નેહભર્યા નયને૦ ૪

## કીર્તન (૩) રાગ : ગરબી પદ-૧

હરિ હૈયાના હાર છો,
જીરે તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો... જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે,
પ્રાણતણા આધાર છો.. જીરે૦ ૧
વાલપણામાં અતિશે વહાલા રે,
નટવર નંદકુમાર છો... જીરે૦ ૨
દુરિજનિયાંને દૂર ઘણા છો રે,
પ્રેમીતે જનના પ્રાણ છો...જીરે૦ ૩
મુક્તાનંદ કે નરનાટક ધારી રે,
શરણાગતના સાર છો... જીરે૦ ૪

## કીર્તન (૪) રાગ : ગરબી

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શ્યામળિયો ...ટેક
હરખ ભરી હું તો હરિને નીરખું,
પિયું પ્રિતમ પાતળિયો ...મારે.૧
સુખડું દેવાને મન હરી લેવા,
અમપર અઢળક ઢળીયો...મારે. ૨
જાળવીયું જોબન જે સારું,
તે અવસર આજ મળીયો ...મારે. ૩
લક્ષ્મીનો વર લાડકવાયો,
અકળ ન જાયે કળીયો ...મારે. ૪
આશ્ચર્ય વાત સેજડીયે આવ્યા,
બોલ પોતાને પળીયો ...મારે. ૫
મુક્તાનંદ મોહનની મહેરે,
ખોયા દિનો ખંગ વળિયો ...મારે. ૬

## કીર્તન (૫) રાગ મેવાડો

અંતકાળે આવી રે સંભાળી લેજો શામળા રે,
જોશોમા અમારા અવગુણ શ્યામ;
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે,
અધમ ઓધારણ કરુણાના ધામ–અંત૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રાહનાં મુખ થકી રે,
કરતાં કાંઈ અરધ નામ ઉચ્ચાર,
એવી રીતે આવો રે સુંદર શામળા રે;
વાટડી જોઉં છું વારંવાર – અંત૦ ૨
નારાયણ નામે રે ઓધાર્યો અજામેળને રે,
કરતાં તે પુત્ર તણો રે પોકાર,
એવું તે વિચારી રે અલબેલા આવજો રે;
અમારે છે તમારો રે આધાર – અંત૦ ૩
દોયલી વેળામાં રે દીનાનાથજી રે,
કહોને અમે કેની કરીએ આશ ?
મુક્તાનંદના સ્વામી રે સુંદર શામળા રે;
અબળાને તેડી રાખો પાસ – અંત૦ ૪

## કીર્તન (૬) રાગ : ગરબી

સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર રે-સદ્‌ગુરુ ૦૧

વર્તમાન પાંચ રે પળાવે દઢ કરી રે,
સંભળાવે હરિનાં ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે-સદ્‌ગુરુ ૦૨

ગુરુ વિના જ્ઞાન રે ન પામે મન મુખી રે,
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે સદ્‌ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે-સદ્‌ગુરુ૦૩

ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
''મુક્તાનંદ'' કહે છે રે એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે-સદ્‌ગુરુ૦૪

## કીર્તન (૭) રાગ : ધોળ

સુખદાયક રે સ્વામી સહજાનંદ,
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજને રે પામે ભવજળપાર – પ્ર૦૧
જેનાં દર્શન ઈચ્છે મહામુની,
કરુણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર – પ્ર૦૨
વહાલે કળિ મધ્યે અતિકરુણા કરી,
ધાર્યો દ્વિજકુળ રે ગુણ નિધિ અવતાર– પ્ર૦૩
વહાલે સતજુગ સમધર્મ સ્થાપિયો,
ટાળ્યા નિજ જનના મનથી મદમાર– પ્ર૦૪
એનો જે જને કીધો આશરો,
તેતો તરી ગયા રે, કુળ સહિત સંસાર– પ્ર૦૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે,
કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર – પ્ર૦૬

## કીર્તન (૮) રાગ : ધોળ

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે,
ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે,
નોમ અંજવાળી રુડો ચૈતર માસ રે;
તેડાવો જોશીને પૂછાવો નામ રે,
નામ ધર્યુ રુડું શ્રી ઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે,
સુંદર ભુરા માથે નાના નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દુધ સાકર પાય રે,
માતાને મન જાણે વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે,
રેશમી દોરી લઈ હરિને હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે,
પ્રેમાનંદ નિત્ય નવીલીલા ગાવે રે;

## કીર્તન (૯) રાગ : ખમાચ

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે
જરકસિયો જામો હરિ પહેરી,
માથે બાંધી પાઘ સોનેરી,
ગૂઢો રેટો ઓઢી, મન લલચાવતા રે – રૂડા૦૧
હૈડે હાર ગુલાબી ફોરે,
ચિત્ત મારૂં રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે – રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને,
ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે – રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી,
જાઉં તારાં વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતા રે – રૂડા૦ ૪

## કીર્તન (૧૦) રાગ : ધોળ

મારા પૂણ્ય ઉદય થયા પાછલા રે
મને પ્રગટ મળ્યા મહારાજ રે સુંદરવર મારા શ્રીહરિ રે. ટેક૦
જેના દર્શન દુર્લભ દેવને રે,
મોટા મુનિવર ધરે નિત્ય ધ્યાન રે...સુંદર૦૧
જેના શિવ બ્રહ્મા પૂજે પાવલા રે,
શેષ શારદ નિગમ ગુણ ગાય રે...સુંદર૦૨
એવા અખિલ ભુવનના અધિપતિ રે,
પુરુષોત્તમ પરબ્રહ્મરાય રે....સુંદર૦૩
માયા કાળ કરમના પ્રેરક પોતે,
ક્ષર અક્ષરના આતમારામ રે....સુંદર૦૪
કૃપા કરીને ભૂતળમાં પધારીયા રે,
કરવા પતિતોને પુરણકામ રે....સુંદર૦૫
આવ્યા પ્રગટ પ્રતાપ દેખાડવા રે,
ઉતારવા ભૂમીનો ભાર રે....સુંદર૦૬
રૂડા ધરમ ધરા પર સ્થાપવા રે,
દેવા પ્રેમાનંદને સુખ અપાર રે....સુંદર૦૭

## કીર્તન (૧૧) રાગ : ધોળ

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે;
જીહો જોઈને જીવુ છું. સુંદર મૂરતિ રે...ટેક૦
હાંરે મારાં નેણાં તણો શણગાર છે;
જી હો અળગો ન મેલું હવે ઉરથી રે...૧
હાંરે મારુ ચિતડું ચોરાણું એની ચાલમાં;
હાંરે હું તો વશ થઈ છું એના વાલમાં જી હો...૨
હાંરે મારા ઉરમાં ખુંત્યો છે છેડો પાઘનો;
હાંરે કાંઈ પાર નહીં મારા ભાગ્યનો જી હો...૩
હાંરે હું તો દાસી છું કૃપાનિધાનની;
હાંરે મને ચાવીને આપી છે બીડી પાનની જી હો...૪
હાંરે દયા હેતનો ભર્યો છે અલબેલડો;
હાંરે પ્રેમાનંદનો વાલો રંગ છેલડો જી હો...૫

## કીર્તન (૧૨) રાગ : માઢ પદ-૧

માણકીએ ચડયા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વરણી પદાતીને અસવાર,
વ્રતપુરી જાવા કર્યો નિરધાર... માણકીએ -૦૧.
કેસર બે'રી બોદલીને ફુલમાળ, તાજણ
તીખી વાંગળીનો ઘણો તાલ, શોભે
ઘણા વાલા લાગે છે મરાળ... માણકીએ-૦૨.
પ્રેમીભક્ત વિનંતિ કરે દોડી દોડી,
લોહચુંમક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી,
નથી જાતિ દરબારમાંથી ઘોડી... માણકીએ-૦૩.
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ રામનવમી નથી દુરી,
સેવક દાસ ''પ્રેમાનંદ'' હજુરી... માણકીએ-૦૪.

## કીર્તન (૧૩) રાગ : ગરબી

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની;
જીવન જોયા લાગ છે રે –ટેક૦
તરૂણ મનોહર મૂરતિ રે,
રેખા ઉઠે નાની નાની – જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે,
કુંડલ મકરાકાર – જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે,
જોઈ જોઈ વાધે પ્યાર – જીવન૦ ૩
ઉરમાં અનુપમ ઉતરી રે,
કંચન કેરી અનુપ – જીવન૦ ૪
રતને જડિત બાજુ બાંધીયા રે,
સુર નર મુનિને ભૂપ – જીવન૦ ૫
વેઢ વિંટિયું કડાં સાંકળાં રે,
શોભે છે કરવર માંય – જીવન૦ ૬
''પ્રેમાનંદ'' છબી ઉપરે રે,
તન મન ધન બલજાય – જીવન૦ ૭

## કીર્તન (૧૪) રાગ : ગરબી

તમારી મૂરતિ વિના મારા નાથ રે,
બીજુ મને આપશોમાં, ..બીજુ. ટેક૦

હું તો એજ માગું જોડી હાથ રે,
બીજુ મને આપશોમાં,..બીજુ૦૧

આપો તમારા જનોનો સંગરે,
મારા જીવમાં એ જ ઉમંગ રે,..બીજુ૦૨

મારા ઉરમાં કરો નિવાસ રે,
મને રાખો રસિયા તમ પાસ રે,..બીજુ૦૩

એ જ અરજી દયાનિધિ દેવ રે,
આપો ચરણ કમળની સેવ રે,..બીજુ૦૪

કરો ઈતર વાસના દુર રે,
રાખો પ્રેમાનંદને હજુર રે,..બીજુ૦૫

## કીર્તન (૧૫) રાગ : પરજ પદ-૧

નેણામાં રાખું રે નેણામાં રાખું રે નાથજીને,
જતન કરીને રે મારાં નેણામાં રાખું.. ટેક૦

શિવ સનકાદિક શુક જેવા જોગી,
હાંરે જેની વાટું જુવે છે લાખું રે..નાથ૦ ૧

છેલ છબિલાજીની મૂરતિ ઉપર,
હાંરે મારા પ્રાણ વારી વારી નાખુંનાથ૦ ૨

નયણે નિરખી હરિને ઉરમાં ઉતારું,
હાંરે એના ગુણલા નિશદીન ભાખું રે..નાથ૦ ૩

પ્રેમાનંદ કહે હરિરસ અમૃત,
હાંરે હું તો પ્રેમ કરી નિત્ય ચાખું રે..નાથ૦ ૪

## કીર્તન (૧૬) પદ-૨

આવાને આવા રે આવાને આવા રે રહેજો મારી,
આંખલડીમાં રે આવાને આવા રે.. ટેક૦

આવાને આવા મારા નાથ બિરાજો,
હાંરે મારા તનના તાપ બુઝાવા રે..રે'જો૦ ૧

ડોલરીયાના નિત્ય હાર પેરાવું,
હાંરે રુડા તોરા લાવું લટકાવા રે..રે'જો૦ ૨

અમૃત વેણે સુકોમળ નેણે,
હારે અતિ અમૃત ઝડી વરસાવા રે..રે'જો૦ ૩

પ્રેમાનંદ કહે નાથજી આગે,
હાંરે રહું હાજર નિશદીન ગાવા રે..રે'જો૦ ૪

## કીર્તન (૧૭) રાગ : ગરબી ધોળ

મારે સ્વામિનારાયણ ભજવા રે,

દૂરિજનીયાના સંગને તજવા રે.મારે ! ટેક૦

મેતો મેલ્યો સંસારીયો માડી,

જોવા સ્વામિનારાયણ દા'ડી૦૧

મને સ્વામિનારાયણ ભાવે,

લોક સ્વામીની કહીને બોલાવે૦૨

વાટે ઘાટેને જાતા વળતા,

સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં૦૩

મુખે સ્વામિનારાયણ ગાઉં,

લોક લાજ થકી ન લજાઉં૦૪

પ્રેમસખી કે સ્વામીને સારૂં,

કુરબાન કર્યું શિર મારૂં૦૫

## કીર્તન (૧૮) રાગ : માઢ

પધારોને સહજાનંદજી હો,
ગુન્હા કરીને માફ – ટેક૦
પ્રણામ છે ધર્મ તાતને,
ભક્તિ માતાને પ્રણામ;
પ્રણામ છે જેષ્ટ ભ્રાતને,
ઈચ્છારામને પ્રણામ રે હો – ગુન્હા૦ ૧
પતિ મેલ્યા પિયુ તમ કારણે,
મેલી કુળ મરજાદ;
માતપિતા મુક્યાં છે સ્વામી,
એક તમારે કાજ રે હો – ગુન્હા૦ ૨
ગરુડ તજીને પાળા પધાર્યા,
ગજ સારૂં મહારાજ;
એવી રીતે તમે આવો દયાળુ,
કરવા અમારાં કાજ રે હો – ગુન્હા૦ ૩
અમ જેવા પ્રભુ તમને ઘણા,
પણ  તમો અમારે એક;
પ્રેમસખી વિનંતિ કરે છે,
રાખો અમારી ટેક રે હો–ગુન્હા૦ ૪

## કીર્તન (૧૯) રાગ : ગરબી

સખી આજ મોહન દીઠારે, શેરીએ આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે,ચાલ્યા આવે ગાવતા રે ...૧

આવે વાલો હસતા ને રમતા રે, ગોવાળોનાં સાથમાં રે;
ઉછળતા આવે મોહન રે, ફુલદડી હાથમાં રે ...૨

રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસિયો જોવાને કાજે રે, ઉભી છું ગોખમાં રે ...૩

મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે;
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે ... ૪

હૈયા પર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે;
પ્રેમસખીના નાથને રે, રહું છું જોઈને રે ...૫

## કીર્તન (૨૦) રાગ : ગરબી

મંદિર પધાર્યા સ્વામી રે,
સાહેલી મારે મંદિર પધાર્યા સ્વામી;
દુ:ખ સર્વે દુર વામી રે... સાહેલી.ટેક.
કપૂરે આરતિ કરી, મોતીડાનો થાળ ભરી;
વધાવ્યા અંતરજામી રે ... સાહેલી.૧
પહેરાવ્યાં ચંપાના હાર, પગે લાગી વારંવાર;
ચરણે મસ્તક નામી રે ... સાહેલી.૨
સેજડી સંવારી ખાંતે, ભોજનીયાં રાંધ્યા છે ભાતે;
નોતર્યા અક્ષરધામી રે... સાહેલી.૩
વ્યંજનથાળ આગે ધરી, પ્રીત શું જમાડયા હરિ,
હવે મારે ન રહી ખામી રે.... સાહેલી.૪
જમીને ઉઠયા દયાળ, પ્રેમ સખીને આપ્યો થાળ,
અંગોઅંગ આનંદ પામી રે... સાહેલી.૫

## કીર્તન (૨૧) રાગ : ગરબી

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે,ટેક૦
શિર અજબ કલંગી શોભતી–અલ૦
હૈડામાં રાખ્યા લાગ – રંગ૦૧
મોળીડું છાયું મોતીએ–અલ૦
ફુલડાંની સુંદર ફોર–રંગ૦૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના–અલ૦
જોઈ ભ્રમર ભમે તે ઠોર–રંગ૦૩
તારી પાઘડલીના પેચમાં–અલ૦
મારૂં ચિત્તડું થયું ચકચૂર–રંગ ૦૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ–અલ૦
વણદીઠે ઘેલી તૂર–રંગ૦૫

## કીર્તન (૨૨) રાગ : ગરબી પદ-૧

સોનાના બોર ઝુલે નંદકિશોર,
પ્યારાને પારણે સોનાના બોર;

હીરા માણેક બહુ જડિયાં પારણીયે,
કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર.પ્યારા૦૧

કોઈક કાનાને નેણે સારે કાજળિયું,
કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર.પ્યારા૦૨

હીલો ગાવેને માતા હરિને ઝુલાવે,
હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર.પ્યારા૦૩

''બ્રહ્માનંદ'' કહે મુખ રસિયા વા'લમનું,
ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર.પ્યારા૦૪

## કીર્તન (૨૩) પદ-૨

ધર્મકુમાર મારા હૈડાના હાર,
ઝુલે પારણીયે ધર્મકુમાર;
કંકુડા વરણું કહાન કુંવરનું મુખડું,
જોઈને મોહી છે વ્રજડાની નાર. પ્યારા૦ ૧

કોડે કોડે રે ઝાઝું હેત કરીને,
લૂણ ઉતારે માતા વારમવાર.પ્યારા૦ ૨

હીલો ગાવે ને ગોપી હરિને ઝુલાવે,
ભીડ મચી છે નંદજીને દ્વાર.પ્યારા૦ ૩

''બ્રહ્માનંદ''નો વા'લો લટકાળો લાલો,
અજબ રંગીલો છેલો પ્રાણ આધાર.પ્યારા૦૪

## કીર્તન (૨૪) રાગ : ગરબી

આજ મુંને સામે મળ્યો છે અલબેલો,
છોગાવાળો રંગછેલો રે આલી...આજ ટેક૦

મોઘા મૂલીરે પહેરી મોતીડાની માળા;
ભાલ કપોળ કેસરાળા રે આલી...આજ ૧

ગજરા પહેર્યા છે ઘેરા રંગનાં ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી...આજ ૨

બાજુ કાજુ રે લીધા ફુલડાનાં બાંધી;
ભ્રમર ભમે છે તારા સાંધી રે આલી...આજ ૩

બ્રહ્માનંદનો વ્હાલો રંગડાનો ભરિયો
લઈને હૈયામાં ધરિયો રે આલી..આજ ૪

## કીર્તન (૨૫) પદ

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈયરો ...ટેક૦

હસીને બોલાવી મુને હેત માંહી હેરી;
ફેટો બાંધેલ સોનેરી રે સૈયરો...આજ.૧

સોનેરી કોરનું નાખેલ ખંભે શેલું;
રસિયે કીધી છે રંગરેલું રે સૈયરો...આજ.૨

ફુલડાનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મને નથી વીસરતાં રે સૈયરો...આજ.૩

બ્રહ્માનંદના વહાલાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું છે માથે તાંણી રે સૈયરો...આજ.૪

## કિર્તન (૨૬) રાગ : ગરબી

મારે આજ પ્રીતમ ઘેર આવશે,
મને હેતે કરીને બોલાવશે જીરે... મારે આજ૦

એના સાથીડાને સાથે લાવશે,
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે... મારે આજ૦

હરિ હેતે કરીને સામું ભાળશે,
રંગડાની તે રેલું વાળશે જીરે... મારે આજ૦ ૨

કરી ખ્યાલ અલૌકિક ખેલશે,
માથે ફુલડાનાં છોગલાં મેલશે જીરે... મારે આજ૦ ૩

''બ્રહ્માનંદ''નો સ્વામી શ્યામળો,
સુખ દેશે આવીને ઉતાવળો જીરે... મારે આજ૦ ૪

## કીર્તન (૨૭) રાગ : ગરબી

રે સગપણ હરિવરનું સાચું,
બીજું સર્વે ક્ષણ ભંગૂર કાચું રે – સગ૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી,
રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી રે – સગ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી,
રે તુચ્છ જાણી આશા છોડી,
મેં જગના જીવન સાથે જોડી રે – સગ૦ ૨
રે ફોગટ ફેરા નવ ફરીએ,
રે પરઘેર પાણી શું ભરીએ,
વરીએ તો નટવરને વરીએ રે – સગ૦ ૩
રે ભૂધર ભેટયા ભય ભાગ્યો,
રે સહુ સાથે તોડયો ધાગો
રસિક રંગીલાથી રંગ લાગ્યો રે – સગ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું,
રે મેણું તો શિર ઉપર લીધું,
''બ્રહ્માનંદ''નું કારજ સીધું રે – સગ૦ ૫

## કીર્તન (૨૮) રાગ : ગરબી

વાલા લાગો છો વિશ્વ આધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે... સગ૦ ૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે... સગ૦
તમ સારું તજયા ધન ધામ રે... સગ૦ ૨
મારું મનડું લોભાણું તમ પાસ રે... સગ૦
મને નથી બીજાની આશ રે... સગ૦ ૩
મારે માથે ધણી છો તમે એક રે... સગ૦
મારી અખંડ નિભાવજો ટેક રે... સગ૦ ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે... સગ૦
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે... સગ૦ ૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે... સગ૦
છો ''બ્રહ્માનંદ''ના નાથ રે... સગ૦ ૬

## કીર્તન (૨૯) રાગ : ગરબી

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપત્તે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે૦ ૧

જગનું સુખદુ:ખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે૦ ૨

પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુ:ખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા૦ ૩

હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા,
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા૦ ૪

''બ્રહ્માનંદ'' કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિસારી૦ ૫

## કીર્તન (૩૦) રાગ : લલિતવૃત્તમ

નમન હું કરૂ વિશ્વપાળને,
કરગરી કહું ભક્તિબાળને,
અરજ માહરી ઉરમાં ધરો,
વિપત્તિ માહરી શ્રીહરિ હરો,
અવર આશરો માહરે નથી,
સર્વ જાણને શું કહું કથી,
કઠણ કાળમાં આપ છો ધણી,
સુખદ શામળા મુક્તના મણી,
અમરના પતિ આશ તાહરી,
રસિક રાખજો લાજ માહરી,
પ્રણત પાળ છો સર્વના પ્રભુ,
દીનદયાળ છો વિશ્વના વિભુ,
વિમળ મૂરતિ ઉરમાં વસો,
નજરથી પ્રભુ દુર ના થશો,
અધિક ત્રાસને તોડી નાખજો,
''બ્રહ્માનંદ''ને પાસ રાખજો,

## કીર્તન (૩૧) રાગ : ધોળ

મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી,
એક જગના જીવન સાથે જોડી રે સા૦ ૧
શું કરશે પિયર સાસરિયાં રે,
મેં તો સમજીને પગલાં ભરિયાં રે સા૦ ૨
મેં તો નિશ્ચે કર્યું મનમાંથી રે,
શિર સાટે એ વર ક્યાંથી રે. સા૦૩
પહેલું માથું પાસંગમાં મેલ્યુ રે,
પછી વરવાનુ બીડું ઝીલ્યુ રે. સા૦૪
હું તો રહું નહિ કોઈની વારી રે,
ધાર્યો એક ધણી ગિરિધારી રે. સા૦ ૫
છાની વાત નહી એ ચાવી રે,
બ્રહ્માનંદના વહાલાની કહાવી રે. સા૦૬

## કીર્તન (૩૨) રાગ : ગરબી

અવસર આવ્યો રે કે તમને ભજવાનો,
તનની ઉપાધી રે કે સરવે તજવાનો.૦૧
ધારુ નહીં માથે રે કે ધણી દેહધારીને,
તમ ઉપર સરવસરે કે નાખું વારીને.૦૨
અવતાર ધર્યો છે રે કે તમને વરવાને,
કુળની મરજાદારે કે ખોટી કરવાને,૦૩
અમૃતરસ મેલી રે કે વિખ હું નહીં ચાખું,
રસિયા તમ વિના રે કે વાલું નહીં રાખું.૦૪
કરશે શું મુજને રે કે કુડાં લોકડીયાં,
જગજીવન મારે રે કે જીવલડે જડીયા.૦૫
બ્રહ્માનંદના વાલારે કે મા જાશો વિસરી,
તન મન ધન સોંપી રે કે થઈ રહી છું તારી.૦૬

## કીર્તન (૩૩) રાગ : ગરબી

ભવ સાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીએ કોટિ ઉપાય રે,
પુણ્ય કરી અમરાપુરનું સુખ પામીએ રે,
અંતે પાછો ફોગટ ફેરો થાય રે, ભવ૦ ૧

માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે,
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આંક તણાં જેમ ઊડી જાશે તુર રે. ભવ૦ ૨

સગાં કુટુંબ મેલી મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારંવાર રે,
પાપતણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તે કોઠાર રે, ભવ૦ ૩

આજ અમૂલખ માણસનું તન આવિયું રે,
ભજવા સારૂં ભાવ કરી ભગવાન રે,
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે, ભવ૦ ૪

## કીર્તન (૩૪) રાગ : ગરબી

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે,
મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે - ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે,
એ છે જુઠી માયા કેરી જાળ. અંત૦ ૧
મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે,
તેમાં તારૂં નથી તલભાર. અંત૦ ૨
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે,
તેને જાતાં ન લાગે વાર. અંત૦ ૩
માટે સેવે તું સાચા સંતને રે,
તારા ટળશે ત્રિવિધિના તાપ અંત૦ ૪
અતિ મોટા પુરુષને આશરે રે,
બળે પૂર્વ જનમના પાપ અંત૦ ૫
એવું સમજીને ભજ ભગવાનને રે,
સુખકારી સદા ઘનશ્યામ અંત૦ ૬
દેવાનંદનો વા'લો દુ:ખ કાપશે રે,
મનવાંછિત પૂરણકામ. અંત૦ ૭

## કીર્તન (૩૫) રાગ : મેવાડી

સહજાનંદ સુખકારી (૨) સહજાનંદ સુખકારી,
સલુણી છબી સહજાનંદ સુખકારી રે-ટેક૦

વેદાંતી અરૂપી કે' છે, ન્યાય અનુમાને લે છે;
તે વહાલો સંતોમાં રે' છે રે-સલુણી૦૧

નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને;
વહાલો તે આ ભીને વાને રે-સલુણી૦૨

સર્વ કરતા સર્વાધારો, સર્વ માંહિ સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે-સલુણી૦૩

જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે-સલુણી૦૪

## કિર્તન (૩૬) રાગ : ગરબી

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે,
મનડું ડોલે છે કેડે કેડે રે....મોહન૦ ૧

રંગડો જામ્યો છે ફુલડાને તોરે,
ભ્રમર ભમે છે ચહુકોરે રે....મોહન૦ ૨

ભાલ તિલક કેસર કેરૂં રાજે,
મુખ જોઈ શશિયર લાજે રે....મોહન૦ ૩

બ્રહ્માનંદ કહે સરવસ વારું,
રૂપ જોઈને વહાલા તારૂં રે....મોહન૦ ૪

## જનમંગલ નામાવલિ

૧. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ ।
૪. ૐ શ્રી પ્રભવે નમઃ ।
૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬. ૐ શ્રી અજન્મને નમઃ ।
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૮. ૐ શ્રી નારાયણાય નમઃ ।
૯. ૐ શ્રી હરયે નમઃ ।
૧૦ ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ ।
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ ।
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ ।
૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ ।
૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ ।

૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ ।

૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।

૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ ।

૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ।

૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ ।

૨૦. ૐ શ્રી જિતાહારાય નમઃ ।

૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ ।

૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ ।

૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ ।

૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ ।

૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ ।

૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ ।

૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ ।

૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ ।

૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ ।

૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ ।

૩૧. ॐ શ્રી સદોન્નિદ્રાય નમઃ ।

૩૨. ॐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ ।

૩૩. ॐ શ્રી તપઃ પ્રિયાય નમઃ ।

૩૪. ॐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ ।

૩૫. ॐ શ્રી સ્વતન્ત્રાય નમઃ ।

૩૬. ॐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।

૩૭. ॐ શ્રી પાષંડોચ્છેદનપટવે નમઃ ।

૩૮. ॐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ ।

૩૯. ॐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ ।

૪૦. ॐ શ્રી નિર્દોષાય નમઃ ।

૪૧. ॐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ ।

૪૨. ॐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ ।

૪૩. ॐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।

૪૪. ॐ શ્રી મહાવ્રતાય નમઃ ।

૪૫. ॐ શ્રી સાધુશીલાય નમઃ ।

૪૬. ॐ શ્રી સાધુવિપ્રપ્રપુજકાય નમઃ ।

૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।

૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।

૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ।

૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ ।

૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ ।

૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।

૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।

૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।

૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ ।

૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ ।

૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ ।

૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમઃ ।

૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ ।

૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ ।

૬૧. ૐ શ્રી વાગ્મિને નમઃ ।

૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।

૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ ।

૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ ।

૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ ।

૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ ।

૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃત્તે નમઃ ।

૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ ।

૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ ।

૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।

૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।

૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ ।

૭૩. ૐ શ્રી સહજાનન્દાય નમઃ ।

૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।

૭૫. ૐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ ।

૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।

૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ ।

૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ ।

૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ ।

૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ ।

૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ ।

૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ ।

૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ ।

૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ ।

૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।

૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ ।

૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ ।

૮૮. ૐ શ્રી ઋજવે નમઃ ।

૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ ।

૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ ।

૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ ।

૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ ।

૯૩. ૐ શ્રી ગુરવે નમઃ ।

૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ ।

૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ ।

૯૬. ૐ શ્રી મહાપુરુષાય નમઃ ।

૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ ।

૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ ।

૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।

૧૦૦. ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।

૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ ।

૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ ।

૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ ।

૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ ।

૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ ।

૧૦૬. ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ ।

૧૦૭. ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।

૧૦૮. ૐ શ્રી સર્વમંગલસદ્રૂપનાનાગુણ–
વિચેષ્ટિતાય નમઃ ।

## જનમંગલ સ્તોત્રમ્

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારદ્યૈ વિવિધૈરુપહારકૈઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિંતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સિતામ્ ।
સદ્યઃફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્ય શ્રીજનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત
નામસ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ અનુષ્ટુપ્ છંદઃ ।
ધર્મનન્દનઃ શ્રીહરિર્દૈવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બૃહદ્વ્રતધર ઈતિ શક્તિઃ । ભક્તિનંન્દન ઈતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ॥

### અથ ધ્યાનમ્ ।

વર્ણિવેષરમણીય દર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥૪॥

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ।।૫।।
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ।।૬।।
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ।।૭।।
યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃતૈર્થિકાર્ચિતઃ ।।૮।।
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ।।૯।।
પાખંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષોઽ સુરગુર્વાદિમોહનઃ ।।૧૦।।
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ।।૧૧।।

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્ બ્રહ્મધામ દર્શકશ્ચાપરાજીતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃસત્ય પ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥

નિરહંકૃતિરદ્રોહોઃ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તન ઃ ।
સર્વમંગલસદ્રુપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્ પરમં સ્તોત્રં, જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વ ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિકિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥

ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગુહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

**ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિત**
**શ્રીજનમંગલાખ્યં**
**શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥**

## શ્રી નારાયણ કવચ

''આ કવચમંત્રના વિશ્વરૂપ ઋષિ છે. ત્રિષ્ટુપ તથા અનુષ્ટુપ છંદ છે. શ્રી નારાયણ તેના દેવતા છે. આવા સ્તોત્રનો હું મારા સમગ્ર ઉપદ્રવની શાંતિને અર્થે, જપ કરૂં છું.'' એવો સંકલ્પ કરી, પોતાને પ્રિય એવા

ઇષ્ટદેવના સ્વરૂપનું ધ્યાન કરવું અને ત્યાર બાદ નીચેનો ''નારાયણ કવચ'' મંત્રનો પાઠ યથાશક્તિ કરવો.

**''શ્રીનારાયણકવચમંત્ર''**

અણિમાદિક આઠ સિદ્ધિવાળા અને શંખચક્રાદિ આયુધો ધારણ કરનાર શ્રી હરિ ભગવાન કે જેમણે ગરૂડ ઉપર વિરાજમાન થઇ હાથીનું મગર થી રક્ષણ કર્યું હતુ, તે ભગવાન મારી સર્વ પ્રકારે રક્ષા કરો.

મત્સ્ય અવતાર ધારણ કરનાર ભગવાન, મારી જળમાં રક્ષા કરો. બટુકવેશ ધારણ કરનારા વામનજી ભગવાન, મારું પૃથ્વી ઉપર રક્ષણ કરો. અને ત્રિવિક્રમ ભગવાન, આકાશમાં મારી રક્ષા કરો.

ભયંકર અટ્ટહાસ્યથી દીશાઓ ગજાવનાર, હિરણ્યકશિપુ જેવા દૈત્યોના શત્રુ અને સર્વસમર્થ એવા નૃસિંહજી ભગવાન મારૂં જંગલમાં તથા યુદ્ધમાં રક્ષણ કરો. પોતાની દાઢ વડે, પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનારા, યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન, મારી માર્ગમાં રક્ષા કરો. પરશુરામ ભગવાન, પર્વતના શિખરોમાં મારી રક્ષા કરો. અને લક્ષ્મણ તથા ભરતજીના મોટા ભાઇ રામચંદ્ર ભગવાન, મારી પ્રવાસમાં રક્ષા કરો.

નારાયણ ભગવાન, અભિચાર (ઉગ્રધર્મ) તથા આળસ પ્રમાદથી, મારૂં રક્ષણ કરો. ઉન્માદથી થતાં ગર્વથી નર ભગવાન મને બચાવો. દત્તાત્રેય ભગવાન પરમાત્માના સ્વરૂપનું વિસ્મરણ થવા રૂપ દોષથી મારૂં રક્ષણ કરો. અને સાંખ્ય શાસ્ત્રનાં આચાર્ય કપીલ ભગવાન, કર્મના બંધનથી મારી રક્ષા કરો. સનત્કુમાર ભગવાન, કામદેવ થકી

મારી રક્ષા કરો. હયગ્રીવ ભગવાન, માર્ગમાં જતાં દેવતાના અનાદરરૂપ અપરાધથી મારી રક્ષા કરો. દેવર્ષિવર્ય નારદજી ભગવાનની ભક્તિ કરવામાં થતા અપરાધથી, મારી રક્ષા કરો. કુર્માવતાર શ્રી હરિ ભગવાન, નરકથી મારી રક્ષા કરો.

રોગજનક કુપથ્ય ખાવાથી થતી પીડાથી ધનવંતરિ ભગવાન, મારૂં રક્ષણ કરો. ભૂખ – તરસ, શીતઉષ્ણ, માન–અપમાન આદિક દ્વંદ્વથી થતા ભયમાંથી ઋષભદેવ ભગવાન, મારી રક્ષા કરો. યજ્ઞ અવતાર ભગવાન, લોકાપવાદથી મારૂં રક્ષણ કરો. બલભદ્ર ભગવાન, મનુષ્ય તરફથી થતા ઊપદ્રવોમાંથી મારી રક્ષા કરો. ક્રોધરૂપી સર્પથી શેષનારાયણ મારી રક્ષા કરો. ભગવાન વેદવ્યાસ, અજ્ઞાન થકી મારી રક્ષા કરો. પાખંડી લોકોથી બુદ્ધ ભગવાન, મારું રક્ષણ કરો. અને ધર્મની

રક્ષા માટે અવતાર ધારણ કરનાર કલ્કિ ભગવાન, કળિયુગના દોષોથી મારું રક્ષણ કરો.

ગદાધારી કેશવ ભગવાન મારી પ્રાતઃકાળમાં રક્ષા કરો. (સુર્યોદય પછી છ ઘડી કાળ પ્રાતઃકાળ કહેવાય છે. ત્યાર પછીનો છ ઘડી કાળ સંગવકાળ કહેવાય છે.) શક્તિ (સાંગ) ને ધરનારા નારાયણ ભગવાન પૂર્વાન્હ કાળમાં મારું રક્ષણ કરો. અને ચક્રધારી વિષ્ણુ ભગવાન મધ્યાન્હ કાળમાં મારી રક્ષા કરો. ધનુષ્યધારી મધુસુદન ભગવાન, અપરાન્હકાળમાં મારી રક્ષા કરો. ત્રણ ધામ જેનાં છે, એવા માધવ ભગવાન, સાયંકાળમાં મારી રક્ષા કરો. ઋષિકેશ ભગવાન (ઇન્દ્રિયોના સ્વામી) પ્રદોષ કાળમાં મારી રક્ષા કરો. પદ્મનાભ ભગવાન, અર્ધરાત્રી પર્યંત તેમજ મધ્યરાત્રી કાળમાં મારું રક્ષણ કરો. શ્રી વત્સનું

ચિહ્‌ન જેને છે એવા લક્ષ્મીકાંત ભગવાન, પાછલી રાત્રીમાં મારું રક્ષણ કરો. તલવાર ધારણ કરનાર જનાર્દન ભગવાન, અરૂણોદયના આરંભમાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન, સંધ્યાસમીપ કાળમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન, પ્રભાતમાં મારી રક્ષા કરો.

પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ ધારવાળા અને ભગવાનની પ્રેરણાથી ચારે તરફ ફરનાર એવા હે સુદર્શનચક્ર ! જેમ અગ્નિ પવન સાથે મળીને ઘાસને બાળે છે, તેમ તમો, મારા શત્રુ સૈન્યને બાળી નાખો. વિજળી જેવા તણખા ફેલાવતી હે કૌમોદકી ગદા ! તું ભગવાનને વહાલી છે, તો મારા યક્ષ, રાક્ષસ, ભૂત, બાળગ્રહ વગેરે શત્રુઓનો ભાંગી ભૂકો કરી નાંખ. કૃષ્ણ ભગવાને વગાડેલ હે પંચજન્ય શંખરાજ ! તમો તમારા

ભયાનક અવાજથી પ્રેત, માતૃ, પિશાચ, બ્રહ્મરાક્ષસ વગેરે ઘોર દૃષ્ટિવાળાઓને નસાડી મેલો. તીક્ષ્ણ ધારવાળી અને તલવારમાં ઉત્તમ હે નંદક ! ભગવાનની પ્રેરણાથી તમો મારા શત્રુ સૈન્યને કાપી નાખો. સો ચંદ્રવાળી હે ઢાલ ! તમો ઉગ્ર દ્રષ્ટિવાળા અને પાપી એવા મારા શત્રુઓનાં નેત્રને ઢાંકી દો.

વેદમૂર્તિ સમર્થ ગરૂડજી અને વિશ્વકસેન, મારી સર્વ સ્થળે રક્ષા કરો. ભગવાનના મુખ્ય પાર્ષદો, તેમના દિવ્ય નામ સ્વરૂપો, તથા તેમનાં વાહનો, આયુધો અમારા બુદ્ધિ ઇન્દ્રિય, મન અને પ્રાણનું સર્વ આપત્તિ થકી રક્ષણ કરો. સમગ્ર જગત ભગવાનનું શરીર છે અને તેમાં ભગવાન શરીરરૂપે રહ્યા છે. તેથી ખરેખર સમગ્ર જગત ભગવાનરૂપ જ છે આવા સત્યજ્ઞાનથી મારા સર્વ ઉપદ્રવો નાશ થાઓ. પ્રલય અવસ્થામાં સઘળું જગત સૂક્ષ્મરૂપે

ભગવાનના તેજમાં લીન થઇ જાય છે. ત્યારે ભગવાન એકલા જ ભાસે છે. અને તેજ ભગવાન ફરી સૃષ્ટિ સમયે ભૂષણ, આયુધ, નામ રૂપ તથા જડચેતન શરીરને પોતાની માયા વડે ધારણ કરે છે. આવું સત્યજ્ઞાન મને છે. માટે સર્વજ્ઞ ભગવાન, પોતાના શરીરરૂપી સર્વ વસ્તુઓમાં રહી સર્વ સ્થળે નિરંતર મારૂં રક્ષણ કરો. અંતમાં મહાતેજસ્વી નૃસિંહજી ભગવાન સર્વ દિશાઓમાં સર્વ સ્થળમાં તથા શરીરની અંદર અને બહાર મારું રક્ષણ કરો.

આ નારાયણકવચનો પાઠ કરનાર સર્વ ભયથી મૂકાય છે અને તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે.

**શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધના આઠમા અધ્યાયમ વિશ્વરૂપે ઇન્દ્રને કહેલ નારાયણકવચ સંપૂર્ણ.**

# સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્ર

સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્રની રચના ભગવાનશ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી સ.ગુ. શ્રી ગોપાળાનંદસ્વામીએ કરી હતી. આ સ્તોત્ર સાંભળી મહારાજ ખૂબ જ રાજી થયા હતા.

આ સ્તોત્રનો મહિમા ગાતા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે જે મનુષ્ય આ સ્તોત્રનો દરરોજ પૂજા કર્યા બાદ હાથ જોડી શ્રદ્ધાપૂર્વક એક પાઠ કરે છે અથવા વડતાલ આવી દર પૂર્ણિમાએ એક પાઠ કરે છે તેના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. નવધા ભક્તિની પુષ્ટિ થાય છે. આ લોકમાં તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. અક્ષયફળની પ્રાપ્તિ સાથે ભગવાનશ્રી હરિની પ્રસન્નતાનુ પાત્ર બને છે.

તથા આ સ્તોત્રના શ્રદ્ધાપૂર્વક દરરોજ અગીયાર પાઠ કરવાથી મનુષ્યના ઋણ, દુઃખ, દારિદ્રય, રોગ, શોક, ભય, શત્રુ બંધન વિગેરેનો નાશ થઈ સુખ, સમૃદ્ધિ, ભુક્તિ, મુક્તિ, યશ, વિદ્યાની પ્રાપ્તિ સાથે ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપી ચારેય પુરુષાર્થને નિશ્ચે પામે છે એમા કોઈ સંશય નથી તેથી ત્યાગી-ગૃહી સર્વે જનોએ પ્રયત્નપૂર્વક આ સ્તોત્રનો નિત્ય પ્રત્યે પાઠ કરવો.

હરિઃ ૐ અસ્ય શ્રી સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્રમંત્રસ્ય ગોપાળાનંદ ઋષિઃ । અનુષ્ટુપ છંદઃ । અક્ષરધામાધિપતિઃ શ્રી હરિર્દેવતા । પરબ્રહ્મ ભક્તિધર્માત્મજઃ ઈતિ બીજમ્ । ષડૈશ્વર્ય સંપન્નઃ ભગવાનશ્રી સ્વામિનારાયણઃ ઈતિ શક્તિઃ । ભુક્તિ મુક્તિપ્રદાયકઃ પરમાત્મા શ્રી હરિકૃષ્ણઃ ઈતિ કીલકમ્ । મમ સાક્ષાત્ ભગવતિ શ્રી હરૌ અસાધારણ પ્રેમસ્વરૂપાસાંગ પરાભક્તિ પ્રાપ્ત્યર્થે સર્વોપદ્રવશમનપૂર્વક સકલ મનોરથ સિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ।

## અથ ધ્યાનમ્

અક્ષરાધિપતિં દિવ્યં ષડૈશ્વર્યસમન્વિતમ્ ।
વંન્દેઽહં સ્વેષ્ટદેવં તં સ્વામિનારાયણં પ્રભુમ્ ॥૧॥
અક્ષરે ધામ્નિ સદ્રશે, સ્થિતં ચ હરિ મંડપે ।
વન્દેઽહં સાધુ સંયુક્તં પ્રત્યક્ષં પુરુષોત્તમમ્ ॥૨॥
ચિન્તા સંતાપહૃન્નિત્યં હરિકૃષ્ણપદામ્બુજમ્ ।
વન્દેઽહં તત્ તરિભૂતં ભવાર્ણવે સુખપ્રદમ્ ॥૩॥

## ઈતિ ધ્યાનમ્

ધર્મભક્તિવાસુદેવં ભક્તદોષનિવારકમ્ ।
વન્દેઙહં દુઃખહર્તારં વિદ્યાશક્તિયશઃ પ્રદમ્ ॥૪॥
શ્રીકાન્તં દ્વારિકાધીશં લક્ષ્મીનારાયણં તથા ।
વન્દેઙહં સ્વેષ્ટદાતારં દેશવૃત્તાલય સ્થિતમ્ ॥૫॥
ઉધ્ધવજ્ઞાન દાતારં ધર્મભક્તિવરપ્રદમ્ ।
વન્દેઙહં રાધિકાયુક્તં વૃન્દાવનવિહારિણમ્ ॥૬॥
સર્વાવતારધર્તારં ભુક્તિમુક્તિપ્રદાયકમ્ ।
વન્દેઙહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્ ॥૭॥
ઉત્સવે રાજતે નિત્યમુત્સવાનન્દદાયકમ્ ।
વન્દેઙહં શ્રીહરિકૃષ્ણં બાલમુકુંદસંયુતમ્ ॥૮॥
ત્રેતાયાં ભરતં દધાત્ દ્વાપરે ચોદ્ધવં તથા ।
વન્દેઙહં પાદુકાં નિત્યં કલૌ વૃત્તપુરે સ્થિતામ્ ॥૯॥
શયનં સુખશય્યાયાં કરોતિ વૈ સુખપ્રદમ્ ।
વન્દેઙહં શ્રી મહારાજં સુખસાગરમવ્યયમ્ ॥૧૦॥

સત્યવ્રતમૃષીણાં ચ રક્ષાર્થં ધૃતવિગ્રહમ્ ।
વન્દેઽહં મત્સ્યદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૧॥
લોકકલ્યાણ કર્તારં સ્વપત્ની પૃથ્વી યુતમ્ ।
વન્દેઽહં શ્રી વરાહં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૨॥
ભક્તપ્રહ્લાદરક્ષાર્થં ધૃતરૂપમલૌકિકમ્ ।
વન્દેઽહં શ્રીનૃસિંહં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૩॥
શેષનારાયણં દેવં પ્રાપ્યં ચ બ્રહ્મવિદ્યયા ।
વન્દેઽહં લક્ષ્મીસંયુક્તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૪॥
લક્ષયોજનવિસ્તારં સાગરે ધૃત વિગ્રહમ્ ।
વન્દેઽહં કૂર્મદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૫॥
સર્વદારોગ્યદાતારં સર્વલોકપ્રકાશકમ્ ।
વન્દેઽહં સૂર્યદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૬॥
પાર્વતીમંકમારોપ્ય વૃત્તપુરે વિરાજતે ।
વન્દેઽહં શ્રી મહાદેવં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૭॥
સર્વમંગલકર્તારં સર્વવિઘ્નવિનાશકમ્ ।
વન્દેઽહં ગણનાથં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૮॥

ભક્તસંકટ હર્તારં દાસ્યભક્તિવિધાયકમ્ ।
વન્દેઽહં શ્રીકપીન્દ્રં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૯॥
હરિહૃદયસકાશાન્ ભગવદ્મૂર્તિસદંશાન્ ।
વન્દેઽહં સાધુવર્યાંસ્તાન્ મુમુક્ષુન્ ભવતારકાન્ ॥૨૦॥
ધર્મવંશે સમુત્પન્નાન્ ધર્મપીઠે નિયોજિતાન્ ।
વન્દેઽહં પરમાચાર્યાન્ પૂર્વપૂણ્યવિભૂષિતાન્ ॥૨૧॥
રાજન્તે સર્વતીર્થાનિ યત્ર ચ સર્વદેવતા ।
વન્દેઽહં તીર્થરાજં તત્ ધામવૃત્તાલયાભિધમ્ ॥૨૨॥
યજ્જલે તીર્થજાતં તત્ હરિણા પાવનં કૃતમ્ ।
વન્દેઽહં ગોમતીતીર્થં વૃત્તાલયપુરેસ્થિતમ્ ॥૨૩॥
વૃત્તપુરે સમાગત્ય યો નરઃ પ્રતિ પૌર્ણિમામ્ ।
પઠેત્ સ્તોત્રમિદંભક્ત્યા ફલિષ્યન્તિ મનોરથાઃ ॥૨૪॥
નવધા ભક્તિ સંબન્ધે સ્તોત્રપાઠં કરોતિ યઃ ।
સોઽક્ષયં ફલમાપ્નોતિ તસ્મિન્ તુષ્ટો ભવેદ્ધરિઃ ॥૨૫॥
યઃ પઠેચ્છૃણુયાન્નિત્યં પૂજનાન્તે કૃતાંજલિઃ ।
ઈહૈવ સુખમાપ્નુયાત્ દેહાન્તે સુગતિર્ભવેત્ ॥૨૬॥

ૠણદારિદ્રયં દુઃખં ચ રોગશોકભયાદિકમ્ ।
નિત્યમેકાદશાવૃત્ત્યા તત્સર્વં નાશમાપ્નુયાત્ ॥૨૭॥
સર્વસુખકરં સ્તોત્રં સર્વારિભયનાશનમ્ ।
ગૃહિત્યાગિજનાનાં ચ ભુક્તિમુક્તિ પ્રસાધકમ્ ॥૨૮॥
ધર્માર્થકામમોક્ષાણામિદં સ્તોત્રં સુનિશ્ચિતમ્ ।
પ્રાપ્ત્યર્થે સેવનાન્નિત્યં તત્ર કાર્યો ન સંશયઃ ॥૨૯॥
તસ્માદર્ચાવતારાણાં સ્તોત્રમેતદ્ધરિપ્રિયૈઃ ।
ગૃહિત્યાગિજનૈઃ સર્વૈઃ પઠનીયં પ્રયત્નતઃ ॥૩૦॥
જયતિ જયતિ ધન્યં ગ્રામવૃત્તાલયાખ્યામ્ ।
જયતિ જયતિ ધન્યં ધામ વૃત્તાલયાખ્યામ્ ॥
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં દેવવૃન્દમ્ ।
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં સાધુવૃન્દમ્ ॥૩૧॥

**ઈતિ શ્રી ગોપાળાનંદમુનિ વિરચિતમ્**

**શ્રી સર્વોપરિ શ્રી અર્ચાવતાર સ્તોત્રમ્ સંપૂર્ણમ્ ॥**

## શ્રી ગોપાળાનંદ સ્વામીનું પરચા પ્રકરણ

**: પૂર્વછાયો :**

અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ॥
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઊપન્યા ભક્ત અકામ ॥૧॥
યોગી પૂર્વ જન્મના, જેને વા'લા સંગે અતિ વા'લ ॥
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥૨॥
શમદમાદિ સાધને પૂરા, તપસી ત્યાગી તન ॥
જાણે યોગ અષ્ટાંગને, પૂરણ સિદ્ધ પાવન ॥૩॥
બાળપણમાં વાત બીજી, રુચિ નહિ જેને રંચ ॥
અતિ અભાવ અંગ વર્તે, પેખીને વિષય પંચ ॥૪॥

**: ચોપાઈ :**

એવા ભક્ત તે ખરા ખુશાલ, જેને ન ગમી સંસારી ચાલ ॥
બાળપણામાં રાચ્યા ભજને, બીજું કાંઈ ગમ્યું નહિ મને ॥૫॥
એમ કરતાં થયો સતસંગ, ચડ્યો અતિ ચિત્તે તેનો રંગ ॥
આવી અંગમાં ખરી ખુમારી, ઊતરે નહિ કેની ઉતારી ॥૬॥
કરે ધ્યાન મહારાજનું નિત્ય, અતિ પ્રકટ પ્રભુમાં પ્રીત્ય ॥
એમ કરતાં કાંઈક દન, થયો પ્રકાશ પોતાને તન ॥૭॥

કોટિ કોટિ સૂરજ સમાન, છાયો તેજે જમી અસમાન ॥
તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યું લોકે આવ્યું આજ મરણ ॥૮॥
આ તો પ્રલય થવાની પેર, એમ કહેવા લાગ્યા ઘેરોઘેર ॥
તેહ કડાકા ને તેજ તેહ, ષટ્ જોજને જણાણું એહ ॥૯॥
જોઈ આશ્ચર્ય પામિયાં લોક, વધ્યો આનંદ થયાં અશોક ॥
તે પ્રતાપ શ્રી મહારાજ તણો, શું કહીએ મુખથી ઘણો ઘણો ॥૧૦॥
વળી એક દિવસની વાત, કહું વર્ણવી વળી વિખ્યાત ॥
કરતાં ભજન મહારાજ તણુ, તનભાન ભૂલ્યા છે આપણું ॥૧૧॥
થઈ નિરાવરણ નિજ વૃતિ, દીઠા રાતમાં રાંદલપતિ ॥
થયો તેનો અતિશે પ્રકાશ, હુવો અંતરતમનો નાશ ॥૧૨॥
તે પણ પ્રભુતણો પરતાપ, એમ ખુશાલે માન્યું છે આપ ॥
પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે ॥૧૩॥
તે તો જાણે લોક પ્રસિદ્ધ, કહે આ તો મહા મોટા સિદ્ધ ॥
એમ જને મન જ્યારે જાણ્યું, તેવા સમામાં વર્ષાતે તાણ્યું ॥૧૪॥
ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુઃખ જાય ॥
મનુષ્ય પશુ પીડાય અંત, આવ્યા અરજે અમે પીડાવંત ॥૧૫॥

માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર ॥
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગપાણિ ॥૧૬॥
કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ ॥
વૂઠો ત્રણ્ય દન લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ ॥૧૭॥
લોક આવી લાગ્યા પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય ॥
તમ જેવો નહિ જગમાંય, તમારે સહજાનંદ સહાય ॥૧૮॥
માન્યો પરચો મનુષ્યે મળી, વળી વાત બીજી લ્યો સાંભળી ॥
પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાં ભણવા નાનાં બાળ ॥૧૯॥
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિતણું ॥
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન ॥૨૦॥
કરે અલૌકિક આવી વાત, સુણી સહુ થયા રળિયાત ॥
પછી ખુશાલ કહે સુણો બાળ, મારે જાવું જ્યાં હોય દયાળ ॥૨૧॥
ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ ॥
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તે તો આવે છે તમારે કાજ ॥૨૨॥
પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળ વા'લે આલ્યા ॥
આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદૃશ્ય થયા છે નાથ ॥૨૩॥

હતા જેતલપુરમાં સ્વામી, નીરખ્યા ખુશાલે અંતરજામી ॥
કહી વાટની વાત ખુશાલે, હસી સાંભળી સરવે વાલે ॥૨૪॥
કહે નાથ બ્રાહ્મણનો ભાળી, ભાઈ તું છો મોટો ભાગ્યશાળી ॥
થયો પરચો તને એ જાણે, બીજી વાત મનમાં મ આણે ॥૨૫॥
ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥૨૬॥
પછી ખુશાલ સંતમાં રહ્યા, એક સમે વડોદરે ગયા ॥
તિયાં સતસંગી રહે બહુ, કરે સ્વામીનું ભજ સહુ ॥૨૭॥
એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કર ભામે ॥
આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રીમહારાજની મહેર ॥૨૮॥
જિયાં લગી રહો તમે આંઈ, બીજે જમવા ન જાવું ક્યાંઈ ॥
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં ॥૨૯॥
ત્યારે સદાશિવ લાગ્યો પાય, નીર્ખી નાથ તૃપત ન થાય ॥
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ ॥૩૦॥
સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર ॥
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધુ જે હોય ભોજન ॥૩૧॥

શાક પાક ધર્યું હોય થાળે, થાય ઓછું તે સરવે ભાળે ॥
જળનો હોય જે આબખોરો, પિવે નાથ તે થાય અધૂરો ॥૩૨॥
હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો ॥
આપે જમેલ પાછી સોપારી, જોઈ આશ્ચર્ય થાય નરનારી ॥૩૩॥
એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ ॥
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ ॥૩૪॥
જમે જન હાથે નાથ નિત્યે, તે તો ખુશાલ ભક્તની પ્રીત્યે ॥
એમ ખુશાલ વિપ્રને વળી, પૂર્યા પરચા બહુ નાથ મળી ॥૩૫॥
હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત ॥
પછી ધાર્યો છે ધાર્મિક યોગ, તજી ભવતણા વૈભોગ ॥૩૬॥
ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ॥
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ॥
એક દિવસ લઈ મંડળી, આવ્યા વડોદરા માંહી વળી ॥૩૮॥
તિયાં સતસંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળીલળી ॥
મોટાં ભાગ્ય જાય નહિ કહીએ, આવ્યા તમે અષ્ટમી સમૈયે ॥૩૯॥

કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ ॥
ત્યારે ગોપાળ સ્વામી કહે સારું, કરશે હરિ ગમતું તમારું ॥૪૦॥
ત્યાં તો આવ્યો અષ્ટમીનો દન, કર્યું વ્રત સહુ મળી જન ॥
બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝૂલ્યા પ્રકટ મહારાજ ॥૪૧॥
સારી સુંદર મૂરતિ શોભે, જોઈ જોઈ જન મન લોભે ॥
નીરખી હરખિયાં સહુ જન, કરે સહુ સાથ ધન્ય ધન્ય ॥૪૨॥
આજ અલૌકિ દર્શન દીધાં, તમે અમને કૃતાર્થ કીધાં ॥
તિયા સતસંગી કુસંગી હતા, દીઠા પ્રકટ સહુએ ઝૂલતા ॥૪૩॥
ઝુલ્યા હિંડોળે ઘડી બે ચાર, પછી ન દીઠા નિરધાર ॥
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥૪૪॥
આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ॥
વળી ગોપાળાનંદ સ્વામીને, પૂર્યો પરચો કહું કરભામીને ॥૪૫॥
એક સમે નાવે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત ॥
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન ॥૪૬॥
પછી સતસંગી સર્વે મળી, આવ્યા જ્યાં હતી મુનિ મંડળી ॥
બેઠા ગોપાળ સ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ ॥૪૭॥

મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ ॥
દેતા દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન ॥૪૮॥
માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઊગરિયે ॥
કહે ગોપાળ સ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ ॥૪૯॥
બેઠા ભજને ઘડી બે-ચાર, આવ્યો મેઘ થયો જેજેકાર ॥
વૂઠો ત્રણ્ય દન લગી ઘન, કાળા ઉનાળામાં રાત દન ॥૫૦॥
સતસંગી કુસંગિયે જાણ્યું, થયો પર્ચો સહુએ પ્રમાણ્યું ॥
લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય ॥૫૧॥
બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે ॥
બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફુલાય ॥૫૨॥
એમ પરચા હું કેટલાં કહું, થયા ગોપાળ સ્વામીને બહુ ॥
કહેતાં લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૩॥

**ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો ને બેંતાળીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥**

# શ્રી હનુમાનચાલીસા

## (દોહા)

શ્રીગુરુ ચરન સરોજરજ, નિજ મનુ મુકુર સુધારિ ।
બરનઉँ રઘુબર બિમલ જસુ, જો દાયક ફલ ચારિ ॥
બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌ પવન-કુમાર ।
બલબુદ્ધિ બિદ્યા દેહુ મોહિ, હરહુ કલેસ બિકાર ॥

## (ચૌપાઈ)

જય હનુમાન જ્ઞાન ગુન સાગર,
જય કપીસ તિહુઁ લોક ઉજાગર.
રામ દૂત અતુલિત બલ ધામા,
અંજનિપુત્ર પવનસુત નામા.
મહાબીર બિક્રમ બજરંગી,
કુમતિ નિવાર સુમતિ કે સંગી.
કંચન બરન બિરાજ સુવેસા,
કાનન કુંડલ કુંચિત કેસા.

હાથ વજ અરૂ ધ્વજા બિરાજે,

કાઁધે મુઁજ જનેઉ સાજે.

સંકર સુવન કેસરીનંદન,

તેજ પ્રતાપ મહા જગ વંદન.

વિદ્યાવાન ગુની અતિ ચાતુર,

રામ કાજ કરીબે કો આતુર.

પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા,

રામ લખન સીતા મન બસિયા.

સૂક્ષ્મ રુપ ધરિ સિયહિ દિખાવા,

બિકટ રૂપ ધરી લંક જલાવા.

ભીમ રુપ ધરી અસુર સઁહારે,

રામચંદ્ર કે કાજ સઁવારે.

લાય સજીવન લખન જીયાયે,

શ્રીરઘુબીર હરષિ ઉર લાયે.

રઘુપતિ કીન્હી બહુત બડાઈ,
તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ.
સહસ બદન તુમ્હારો જસ ગાવે,
અસ કહિ શ્રીપતિ કંઠ લગાવે.
સનકાદિક બ્રહ્માદિ મુનીસા,
નારદ શારદ સહિત અહીસા.
જમ કુબેર દિગપાલ જહાઁ તે,
કબિ કોબિદ કહિ સકે કહાઁ તે.
તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા,
રામ મિલાય રાજ પદ દીન્હા.
તુમ્હરો મંત્ર બિભીષન માના,
લંકેશ્વર ભએ સબ જગ જાના.
જુગ સહસ્ર જોજન પર ભાનૂ,
લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ.

પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં,
જલધિ લાઁઘિ ગયે અચરજ નાહીં.
દુર્ગમ કાજ જગત કે જેતે,
સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે.
રામ દુઆરે તુમ રખવારે,
હોત ન આજ્ઞા બિનુ પૈસારે.
સબ સુખ લહૈ તુમ્હારી સરના,
તુમ રક્ષક કાહુ કો ડરના.
આપન તેજ સમ્હારો આપે,
તીનોં લોક હાઁક તેં કાઁપે.
ભૂત પિશાચ નિકટ નહિ આવે,
મહાબીર જબ નામ સુનાવૈ.
નાસે રોગ હરે સબ પીરા,
જપત નિરંતર હનુમંત બીરા.

સંકટ સેં હનુમાન છુડાવે,
મન કર્મ બચન ધ્યાન જો લાવૈ.
સબ પર રામ તપસ્વી રાજા,
તિન કે કાજ સકલ તુમ સાજા.
ઓર મનોરથ જો કોઈ લાવે,
સોઈ અમિત જીવન ફલ પાવે.
ચારોં જુગ પરતાપ તુમ્હારા,
હૈ પરસિદ્ધ જગત ઉજિયારા.
સાધુ સંત કે તુમ રખવારે,
અસુર નિકંદન રામ દુલારે.
અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા,
અસ બર દીન જાનકી માતા.
રામ રસાયન તુમ્હરે પાસા,
સદા રહો રઘુપતિ કે દાસા.
તુમ્હરે ભજન રામ કો પાવે,
જનમ જનમ કે દુઃખ બિસરાવે.

અંત કાલ રઘુબર પુર જાઈ,
જહાઁ જન્મ હરિભક્ત કહાઈ.
ઓર દેવતા ચિત્ત ન ધરઈ,
હનુમંત સેઈ સર્વ સુખ કરઈ.
સંકટ કટૈ મીટૈ સબ પીરા,
જો સુમરૈ હનુમત બલબીરા.
જૈ જૈ જૈ હનુમાન ગોસાઈ,
કૃપા કરહૂ ગુરુ દેવ કી નાઈ.
જો સત બાર પાઠ કર કોઈ,
છૂટહિ બંદિ મહા સુખ હોઈ.
જો યહ પઢૈ હનુમાન ચાલીસા,
હોઈ સિદ્ધિ સાખી ગૌરીસા.
તુલસીદાસ સદા હરિ ચેરા,
કીજૈ નાથ હૃદય મહઁ ડેરા.

**॥ ઈતિ શ્રી હનુમાનચાલીસા સંપૂર્ણ ॥**

# વિવિધ મંત્રો

## : ષડાક્ષરમંત્ર :

ૐ વિષ્ણવે નમ: ।

## : અષ્ટાક્ષરમંત્ર :

ૐ નમો નારાયણાય ।

## : અષ્ટાક્ષરમંત્ર :

બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ ।

## : અષ્ટાક્ષરમંત્ર :

શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ ।

## : દ્વાદશાક્ષરમંત્ર :

ૐ નમો ભગવતે વાસુદેવાય ।

## : વિષ્ણુગાયત્રીમંત્ર :

ૐ નારાયણાય વિદ્મહે ! વાસુદેવાય ધીમહિ !
તન્નો વિષ્ણુ: પ્રચોદયાત્ !

## : હનુમંત મંત્ર :

ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુફટ્ સ્વાહા ॥

## : શરણ મંત્ર :

કાલમાયા પાપ કર્મયમદૂતભયાદહમ્ ।
શ્રી કૃષ્ણદેવં શરણં પ્રપન્નોડસ્મિ સ પાતુ મામ્ ।

## : ક્ષમા યાચના મંત્ર :

આહવાનં ન જાનામિ ન જાનામિ તવાર્ચનમ્ ।
પૂજાં ચૈવ ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર ॥૧॥
મંત્રહીનં ક્રિયાહીનં ભક્તિહીનં સુરેશ્વર ।
યત્પુજિંત મયાદેવ પરિપૂર્ણં તદસ્તુમે. ॥૨॥
અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણંમમ્ ।
તસ્માત કારૂણ્ય ભાવેન, રક્ષ માં પરમેશ્વર ॥૩॥
ગતં પાપં ગતં દુ:ખં દારિદ્રયમેવ ચ ।
આગતા સુખ સમ્પતિઃ પૂણ્યોહં તવ દર્શનાત્ ॥૪॥
અપરાધસહસ્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।
દાસોડયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥૫॥

## : તુલસીમાલા ધારણ મંત્ર :

તુલસીકાષ્ઠસમ્ભૂતે ! માલે ! કૃષ્ણજનપ્રિયે: ।
બિભર્મિ ત્વમાહં કંઠે કરુ માં કૃષ્ણવલ્લભમ્ ॥

## : તુલસી તોડવાનો મંત્ર :

તુલસ્યમૃતજન્માસિ સદા ત્વં કેશવપ્રિયે ! ।
કેશવાર્થે વિચિન્વામિ વરદા ભવ શોભને ! ॥

## પ્રાત: સ્મરણ

પ્રાત:કાળમાં વહેલા ઉઠવાથી બળ, બુદ્ધિ અને આયુષ્ય વધે છે. દરેક મનુષ્યે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં સૂઈ જવું જોઈએ અને સૂર્યોદય પહેલા બે કલાક વહેલા ઉઠવું જોઈએ.

પ્રથમ પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ માની, તે આત્માને વિષે બ્રહ્મ ભાવના કરી, તે આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રી હરિકૃષ્ણ મહારાજનું ધ્યાન ધરવું.

## પ્રાતઃ પૂજાવિધિ

**શારીરિક શૌચ વિધિ** : મળત્યાગ કર્યા પછી શુદ્ધ મૃત્તિકા તથા જળથી ડાબો હાથ દશ વખત ધોવો અને બન્ને હાથ ભેગા કરીને સાત વખત ધોવા. પગનાં તળીયાં મૃતિકા અને જળથી ત્રણ વખત ધોવાં. હાથ ધોવાની મૃતિકા અપવિત્ર હાથ વડે ગ્રહણ ન કરવી. કોઇના હાથ પગ ધોતા વધેલી મૃતિકા લઇને હાથ પગ ધોવા નહિ.

**દંત ધાવન વિધિ** : જળથી દાતણ ધોઇને એક સ્થાનમાં બેસીને દાંતણ કરવું, પરંતુ ફરતાં ફરતાં ન કરવું. સંજોગોવશાત્ ક્યારેક દાંતણ ન મળે તો, (ઉપવાસના દિવસે દાતણ ન કરવું) જળના ૧૨ કોગળા કરી મુખની શુદ્ધિ કરવી. ઉલ ઉતારીને દાતણની ચીરીયોને ધોઇને એક સ્થાને મુકી દેવી.

**સ્નાન વિધિ** : પ્રાતઃકાળમાં સ્નાન કર્યા વિના મનુષ્ય સૂતકી મટતો નથી પ્રાતઃકાળમાં સ્નાન કરે ત્યારે તે મનુષ્ય દેવ નું પૂજન તથા પિતૃ સંબંધી શ્રાદ્ધ તર્પણાદિ કર્મ કરવાને અધિકારી થાય છે હંમેશાં ઠંડા જળથી જ સશક્ત મનુષ્યોને સ્નાન કરવું.

સ્નાન કરતી વખતે ભગવત્ સ્મરણ આદર પૂર્વક કરવું. સ્નાન કર્યા પછી ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને એક બીજું ઓઢવું. ઓઢવાના વસ્ત્ર રહિત પૂજા ન કરવી તથા પેન્ટ – શર્ટ પહેરીને પણ પૂજા ન કરવી.

**પૂજા વિધિ** : ભગવાનની સેવા પૂજા કરવા માટે શુદ્ધ કરેલી પૃથ્વી પર પાથરેલું ને સારી પેઠે બેસાય એવા આસન ઉપર પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસવું. દર્ભાસન, મૃગચર્માસન, ઊનનું આસન એ આસનો શ્રેષ્ઠ કહેલાં છે. આસન વગર ભૂમિ

પર બેસવાથી પૂજા થતી નથી. માટે ભગવત્પૂજા સમયે યોગ્ય આસન ઉપર બેસવું.

**આચમન વિધિ** : જેમ સ્નાન વડે શરીરની શુદ્ધિ થાય છે, તેમ આચમન વડે પ્રાણની શુદ્ધિ થાય છે.જમણા હાથનો અંગુઠો, જમણી મધ્યમાં આંગળીનાં મધ્ય પર્વ ઉપર રાખીને  અડદનો દાણો બુડે એટલું જળ જમણાં હાથની હથેળીમાં લઇને, ડાબો હાથ હથેળીને તળે અડકાવીને ત્રણ વખત આચમન કરવું.

પહેલા આચમન સમયે ૐ નારાયણાય નમઃ
બીજા આચમન સમયે ૐ વાસુદેવાય નમઃ
ત્રીજા આચમન સમયે ૐ વૈષ્ણવે નમઃ

આ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કરવું, આચમન કર્યા બાદ શિખા (ચોટલી) બાંધીને હાથ ધોઇ નાખવો.

**તિલક ચાંદલો** : સત્સંગી પુરુષોએ ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કરવો. સધવા

સ્ત્રીઓએ કુમકુમનો ચાંદલો લલાટમાં કરવો અને વિધવા સ્ત્રીઓએ કંકુ મિશ્રિત ચંદનથી ગળામાં ચાંદલો કરવો.

સત્ શૂદ્રોએ તિલક ચાંદલો લલાટમાં કરવો અને અસત્ શૂદ્રોએ લલાટમાં કેવળ ચાંદલો જ કરવો. લલાટમાં તિલક કરતી વખતે ૐ વાસુદેવાય નમઃ બોલવું, હૃદયમાં તિલક કરતી વખતે ૐ સંકર્ષણાય નમઃ બોલવું, જમણા હાથમાં તિલક કરતી વખતે ૐ પ્રદ્યુમનાય નમઃ બોલવું અને ડાબા હાથમાં તિલક કરતી વખતે ૐ અનિરૂદ્ધાય નમઃ બોલવું. તિલક ચાંદલો કર્યા વિના પૂજનાદિ કરે તો વ્યર્થ થઇ જાય છે.

તે તિલક ગોપીચંદ અથવા ચંદન વડે કરવું. તેના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. તિલક ચાંદલો કર્યા પછી માનસી પુજા કરવી. પછી પૂજન શરૂ કરતી વખતે નીચે પ્રમાણે આવાહન મંત્ર બોલવો.

## આવાહ્ન મંત્ર

ઉત્તિષ્ઠોતિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરંકુરુ ॥
ઉત્તિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ, ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યે મંગલં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

ઉપરના મંત્રો વડે ભગવાનનું પટ મૂર્તિઓમાં આવાહન કરવું. પછી પોતાના નિયમાનુસાર શ્રી સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવવી. પૂજા કરતી વખતે કોઇ સાથે વાત ન કરવી. પછી જપ માળા એક પગે ઉભા રહીને ફેરવવી. પછી પ્રદક્ષિણાઓ કરવી. પછી પુરુષોએ આઠ અંગે સહિત સાષ્ટાંગ દંડવત્ ઓછામાં ઓછા ૬ ભગવાનની પ્રતિમાને કરવા ને બહેનોએ પાંચ અંગે

સહિત પંચાગ પ્રણામ કરવા, પછી ભગવાનની પ્રાર્થના નીચે મુજબ કરવી.

### ક્ષમાયાચના મંત્ર

અપરાધ સહસ્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।
દાસોડયમિતિ માંમત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

ઉપરના મંત્રથી બે હાથ જોડી પ્રાર્થના કર્યા બાદ વિસર્જન મંત્રથી પૂજાની સમાપ્તિ કરવી.

### વિસર્જન મંત્ર

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પુજામાદાયમામકીમ્ ।
ઇષ્ટકામ પ્રસિધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

ઉપરનો મંત્ર બોલી પૂજાની સમાપ્તિ કરી શિક્ષાપત્રીનો પાઠ કરવો, પછી ગુરુમંત્રની માળા ફેરવવી પછીથી મંદિરમાં જઇને દેવદર્શન અને સંતો, ભક્તોનાં દર્શન કરવાં. પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું.

## માનસી પૂજાની વિધિ

### ૧. પ્રાતઃકાળની માનસી પૂજા

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રી હરિનું ધ્યાન કરવું. શ્રી હરિ પલંગમાં પોઢ્યા છે, એમ ભાવના કરી પ્રાર્થના–કીર્તન કરીને જગાડવા ત્યાર પછી મનુષ્ય લીલાના સ્મરણ માટે ભગવાનને, દંતધાવનાદિ ક્રિયા કરાવવી ને ઋતુ અનુસાર ઘણા જળથી સ્નાન કરાવવું, ત્યાર બાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથાયોગ્ય વસ્ત્ર અલંકાર ધારણ કરાવવા, ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિક ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા, ત્યાર પછી પોતાને મન ભાવતા ભોજન ભગવાનને ધરાવવા. સાકર, કેસર, કસ્તુરી, બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દૂધ તથા મગસ,

જલેબી, અડદીયા, પુરી, વગેરે પકવાનો તથા રોટલા, ઘી, સાકર, માખણ, અથાણા વગેરે શ્રીજીને જમાડવા અને જળપાન કરાવી પાનબીડુ, તજ, એલચી, લવીંગ, સોપારી, જાવંતરી વગેરે મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા, દંડવત્, પ્રણામસ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું, પ્રસાદીના ભોજનથી મુક્તોને જમાડવા અને મને પણ શ્રીહરિએ એ પ્રસાદ આપ્યો તે હું જમ્યો એવી ભાવના કરવી. શ્રી હરિ મારા આત્મામાં વિરાજમાન છે. અથવા મુક્તોની સભામાં વિરાજમાન છે. અને હું તેમની સેવામાં હાજર છું, એમ ભાવના કરી પ્રથમ માનસી પૂજા પૂર્ણ કરવી.

**૨. મધ્યાહ્ન (બપોર) વખતની માનસી પૂજા :**

ભોજન કરાવતી વખતે અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન

કરી શ્રી હરિને ભોજનને અનુકુળ પીતામ્બર, ખેસ, આદિ વેષ ધારણ કરાવવા. પછી બાસુંદી, દૂધપાક, શીખંડ, પૂરી, મૈસુબ, મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, શીરો કંસાર, માલપુવા, એ આદિક વિવિધ પ્રકારના પાક, શાક, તથા અથાણાં, ભાત, દાળ, દહીં, દૂધ વગેરે ભોજનો સુવર્ણનાં બાજોઠ પર કંચનના થાળમાં ધારણ કરવા અને ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે સુવર્ણનો બાજોઠ મુકીને તેના ઉપર એક મખમલનું કે કસુંબલનું આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા બોલાવવા 'હે મહારાજ ! હે ભક્તવત્સલ ! હે ભગવન્ ! મેં સર્વ પ્રકારના ભોજનો તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો.' એમ પ્રાર્થના કરીને શ્રીજીને સુવર્ણના બાજોઠ ઉપર બેસાડીને ચંદન, અક્ષત્ પુષ્પાદિકથી

પૂજવા, પછી સુવર્ણના થાળમાં રહેલાં ચાર પ્રકારના જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય ભાવતા ભોજનો તે શ્રીજીને જમાડવા ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જળપાન કરાવીને દરેક પ્રકારના મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત્ સ્તુતિ, એ આદિક કરી શ્રીજીને મળવું. ત્યારપછી પ્રસાદિના ભોજનોથી મુક્તોને જમાડવા અને શ્રીહરિએ મને પણ પ્રસાદી આપી છે, એવી ભાવના કરી અને મુક્ત મંડળ સહિત શ્રીહરિને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડવા અને હું શ્રીજીના ચરણાર્વિંદની સેવામાં રહેલ છું એવી ભાવના કરવી

**૩. ઉત્થાપન સમયની માનસી પૂજા :**

(ત્રણ થી ચારના સમય વચ્ચે કરવી) " હે મહારાજ! બધાજ ભક્તો આપના દર્શનની રાહ જુએ છે, આપ

જાગ્રત થાઓ" એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા ભગવાનને સ્નાન કરાવવું અથવા સુગંધીમાન જળ મુખારવિંદ ધોવા માટે આપવું અને સુગંધીમાન પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વિગેરેથી પૂજન કરવું ત્યારબાદ દ્રાક્ષ, દાડમ, સફરજન, કેરી, ચીકુ જ્યુસ, ઓળા વગેરે લીલા સુકા દેશી, પરદેશી ઋતુ અનુસાર અનેક પ્રકારના મેવા જમાડી જળપાન કરાવવું ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પુજન કરવું અને પ્રસાદીના ફળો તેમને જમાડવા અને શ્રી હરિ મુક્તમંડળે સહિત અક્ષરધામ રૂપી મારા આત્મામાં વિરાજમાન રહેલ છે એવી ભાવના કરવી.

**૪. સાયંકાળ માનસી પૂજા :**

સંધ્યા સમયે પહેલાની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુક્ત

અનંત કોટિ મુક્તોએ સેવેલ અને પોતાને અનુરૂપ છે રૂપ તથા અવયવો જેમના એવા દિવ્ય અદ્‌ભુત મનોહર, લાવણ્યમય મૂર્તિ ધર્મપૂત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને આરતી ઉતારી ધુન્ય, સ્તુતિ, દંડવત્, પ્રદક્ષિણા વિગેરે કરીને મળવું ત્યાર પછી ભારે વસ્ત્ર અલંકાર, પુષ્પોના હારાદિક ઉતારીને સુક્ષ્મ, કોમળ, ઘાટું એક વસ્ત્ર પહેરીને અને બીજું એક ઓઢીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદી ઉપચારોથી પુજન કરીને શિરો, પૂરી, ભજીયાં, ખીચડી, કઢી, દૂધ, ભાત, સાકર, પાપડ, અથાણાં, શાક, વડા, આદિક ભોજન જમાડી જળપાન કરાવવું. ત્યારપછી મુખવાસ અર્પણ કરવો પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર વિરાજમાન કરીને આરતી ઉતારીને ધુન્ય સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્ કરીને શ્રીજીને હેત મુજબ એક બે ત્રણ વાર મળવું

ત્યારપછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરીને પ્રસાદીના ભોજનો જમાડી, જળપાન કરાવી મુખવાસ આપવો પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો તે હું પણ જમ્યો અને શ્રીહરિ મુક્તમંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે અને વચનામૃતનું પાન કરાવે છે. અને સર્વમુક્તો શ્રીહરિના મુખકમળ તરફ જોઈ રહ્યા છે અને હું તેમની સેવામાં હાજર છું, એવી ભાવના કરવી.

**૫. રાતની માનસી પૂજા :**

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પુજન કરી સાકર સહિત ઉકાળેલા તથા બદામ, પિસ્તા, કેસર, એલચી વિગેરે નાખેલું દૂધ પાન કરાવવું તેમજ જ્યુસ ઈત્યાદિનું પાન કરાવવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી દૂધપાન કરાવવું અને મને પણ શ્રીહરિએ પ્રસાદી

આપી તે હું જમ્યો એવી ભાવના કરવી, પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ ઉપર અથવા સુંદર કોમળ મખમલનું ગાદલું, ગાલ મસુરીયુ, ઓશિકુ ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીયુક્ત સુંદર છપ્પર પલંગ ઉપર શયન કરાવવું પછી આરતી ઉતારવી. પછી સર્વે મુક્તો શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે. અને હું શ્રીહરિના ચરણ દબાવું છું. એ સેવા કરતા તેમના મુખનું દર્શન કરું છું. આવી ભાવના કરી માનસી પૂજાની સમાપ્તિ કરવી.

## વિશેષ

પાંચેય માનસી પૂજા ઋતુ અનુસાર કરવી. માનસી પૂજા કરતી વખતે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કર્યો હોય તેથી પહેલાની માનસી પૂજામાં ભગવાનને

કેવા વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યા હતા અથવા કેવી રીતે પોઢાડ્યાં હતા તે સર્વનું અનુસંધાન રાખીને શ્રીહરિ સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી સમયસર માનસી પૂજા કરવી.

આ પ્રમાણે જે ભક્તજન હંમેશાં પાંચ વખત માનસી પૂજા કરે છે, તેને ભગવાન વશ થઈ જાય છે અને કોઈથી જીતાય નહીં એવું મન, ભગવાનની કૃપાથી સરળતાથી જરૂર જીતાઈ જાય છે.





શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલધામ





-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારીશ્રી ડૉ. શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litt.)

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.



(0268) 2589728, 2589776

vadtaldhamvikas@gmail.com

www.vadtalmandir.org



ISBN 978-81-939354-6-0

9 788193 935460